Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

कश्चैतन्यवतां हृदि स्थिरतरं शेते हि साक्षीभवन्
कश्चैतन्यव्रतां हृदि प्रचरति प्रक्षालयंस्तच्छुचम् ।
कं लब्ध्वा मनुजाः स्वकर्मकरणे शक्ता भवन्ति द्रुतम्
आत्मानंद प्रकाशमेव न हि सन्देहोऽत्र वै विद्यते ॥

पु० २५ मुं | वीर सं. २४५४ फाल्गुन आत्म सं. ३२ { अंक ८ मो.

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

## વિષયાનુક્રમણિકા.

१ श्री મહાવીર જિન સ્તવનમ્... ૧૮૯
૨ બાળ બત્રીસી. ... ... ૧૯૦
૩ શ્રી તીર્થંકર ચરિત્ર. ... ૧૯૧
૪ સુજનતા અને સુ–સ્વભાવ. ... ૧૯૬
૫ મોંધુ જીવન. ... ... ૨૦૦
૬ જૈનદષ્ટિએ વિજ્ઞાન યુગ. ... ૨૦૧
૭ સન્મિત્ર. ... ... ... ૨૦૩
૮ શિખર ઉપરથી દૃષ્ટિપાત. ... ૨૦૪
૯ જીવનના ત્રણ કુટુંબો. ... ૨૦૭
૧૦ ગ્રંથાવલોકન અને સાભાર સ્વીકાર. ... ... ૨૧૧

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

ભાવનગર—આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

—: શ્રી નવપદજી આરાધનાના જીજ્ઞાસુઓને :—

# —:: અમુલ્ય લાભ ::—

## શ્રી નવપદજીની પૂજા ( અર્થ, નોટ, મંડલ, યંત્ર, વિધિ વગેરે સહિત. )

પ્રભુભક્તિમાં તલ્લીન થઇ ઇષ્ટસિદ્ધિ જલદી પ્રાપ્ત કરવા માટે, પૂર્વાચાર્ય પ્રણિત પૂજાઓ એક વિશિષ્ટ કારણ છે. એવા હેતુથીજ **શ્રીમદ્ યશોવિજયજી મહારાજ કૃત નવપદજીની પૂજા**, **અમોએ તેના ભાવાર્થ, વિશેષાર્થ અને નોટ** સાથે તૈયાર કરી પ્રગટ કરેલ છે. સાથે **શ્રી નવપદજીનું મંડલ** તે તે પદોના વર્ણ–રંગ અને તેની સાથે, વિવિધ રંગ અને સાચી સોનેરી શાહીની વેલ વગેરેથી તથા **શ્રી નવપદજીનો યંત્ર** કે જે આયંબીલ–ઓળી કરનારને પૂજન કરવા માટે ઉપયોગી છે, તે બંને છબીઓ ઉંચા આર્ટપેપર ઉપર મોટો ખર્ચ કરી ઘણા સુંદર સુશોભિત અને મનોહર બનાવી આ ગ્રંથમાં દાખલ કરવામાં આવેલ છે. આ સાથે શ્રી સિદ્ધચક્રજી મહારાજનું આરાધન કેમ થાય, તેની **સંપૂર્ણ ક્રિયાવિધિ, ચૈત્યવંદન, સ્તવનો, સ્તુતિઓ** અને સાથે **શ્રીમાન્ પદ્મવિજયજી મહારાજ અને શ્રીમાન્ આત્મારામજી મહારાજ કૃત નવપદજી પૂજાઓ** દાખલ કરેલ છે. ઉંચા એન્ટ્રીક પેપર ઉપર ગુજરાતી સુંદર જૂદા જૂદા ટાઇપોથી છપાવી ઉંચા કપડાના બાઇંડીંગથી અલંકૃત કરેલ છે. આ ગ્રંથનું નામજ જ્યાં પવિત્ર અને પ્રાતઃસ્મરણીય છે ત્યાં તેની ઉપયોગીતા અને આરાધના માટે તો કહેવુંજ શું ! **શ્રી નવપદજી આરાધનના જીજ્ઞાસુ અને ખપી માટે આ એક ઉત્તમ કૃતિ છે.** અને તેમાં **ગુરૂમહારાજ**, **નવપદજી** મહારાજનું મંડલ અને **યંત્ર** આ બુકમાં દાખલ કરેલ હોઇ આ ગ્રંથ વાંચનારને તેના અપૂર્વ રચના જણાયા સિવાય રહે તેવું નથી. આ માટે વધારે લખવા કરતાં તેનો ઉપયોગ કરવા નમ્ર સૂચના કરીયે છીયે. **કિંમત રૂા. ૧–૪–૦ પોસ્ટેજ જુદું.**

સિવાય શ્રી નવપદજી મહારાજનું મંડલ કે જે ઉપર જણાવ્યા પ્રમાણે વિવિધ રંગો અને સોનેરી શાહીથી ઘણુંજ સુંદર ઉંચા આર્ટપેપર ઉપર છપાવેલ છે તે તથા શ્રી સિદ્ધચક્રજી મહારાજનો યંત્ર કે જે દર્શન, પૂજન માટે બંને ઘણી ઉપયોગી વસ્તુઓ હોવાથી આ બુકમાં દાખલ કરવા ઉપરાંત છુટી કોપીયો પણ તેના ખપી માટે વધારે તૈયાર કરાવી છે.

**શ્રી નવપદજીનો યંત્ર ચાર આના–શ્રી સિદ્ધચક્રજીનો યંત્ર બે આના–** પોસ્ટેજ જુદું. આ બંને પ્રાતઃકાળમાં ઉઠતાં દર્શન માટે ખાસ ઉપયોગી ચીજો છે. માત્ર ઘણીજ થોડી નકલો છે જેથી જલદી મંગાવો.

લખોઃ— **શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

तत्पुनर्द्विविधं कर्म कुशलरूपमकुशलरूपं च। यत्तत्र कुशलरूपं तत्पुण्यं धर्मश्चोच्यते। यत्पुनरकुशलरूपं तत्पापम धर्मश्चाभिधीयते। पुण्योदयजनितः सुखानुभवः पापोदय संपाद्यो दुःखानुभवः। तयोरेव पुण्य पापयोरनंतभेदभिन्नेन तारतम्येन संपद्यते खल्वेषोऽधममध्यमोत्तमाद्यनन्तभेदवर्तितया विचित्ररूपः संसारविस्तार इति ॥

उपमिति भवप्रपंचा कथा.

पुस्तक २५ मुं. } वीर संवत् २४५४. फाल्गुन आत्म संवत् ३२ { अंक ८ मो.

## श्री महावीर जिनस्तवनम्।

( अयिमातृभूमितेरे—गजल ताल कव्वाली रागेणगीयते )

भगवन्! विभो! कृपालो ? ? ? शरणं तवाऽऽगतोऽहम्।
विधुनोतु पापपंकं, कलिदोष दुष्टमनसाम् ॥ भगवन्! ॥१॥
विकराल कालपाशान्नुमोचयाऽऽनिशशान्।
त्रिशला प्रमोद दायिन् ?, जगदेकसत्त्वतायिन्॥ भगवन्! ॥२॥
विशदार्थवादशोभिन् ?, शिवसौधमार्गदर्शिन् ?।
शरणागतं सुदीनं, परिपालय प्रभाविन् ?॥ भगवन्! ॥ ३ ॥
विनयंकरोमि भगवन् ?, विधिना नतोऽस्मि वीर।
भवसागरं हि सुतरं, वितनुष्व मे दयालो ?॥ भगवन् ?॥४॥
गुणशालिनं भवन्तं, हृदये स्मरामि नित्यम्।
तव दीर्घदृष्टिदृष्टो, विनयोदितप्रभावः॥ भगवन् ॥ ५ ॥
अजितोदधिर्दयालो ? समभावमादधानः।
स्तवनं करोति शिवदं, शुभभावदं त्वदीयम्॥ भगवन् ॥६॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# “ બાળ બત્રીસી. ”

## ( પં. કસ્તુરવિજય )

કક્કા કલેશ ન કીજીયે, ક્રોધ કરીને દૂર, કોમળ મન રાખો તમે, થાશો કો દી ન ક્રૂર. ૧
ખખ્ખા ખોટી ટેવને, ટાળો ધરો મન ટેક, ખેલ તમાસા છોડીને, ખંતે શીખો વિવેક. ૨
ગગ્ગા ગુણગ્રાહી બની, ગુણીજનનો કરો સંગ, ગુણીજન બનશો ગુણગ્રહી, નિશદિન ચઢતે રંગ. ૩
ઘઘ્ઘા ઘરડા માનવી, પૂછી કરજો કામ, સુખે કારજ સાધશો રહેશે જગમાં નામ. ૪
ચચ્ચા ચોરી ના કરો, પૂછી લ્યો પરચીજ, વિશ્વાસુ બનશો અને કોને ન ચઢશે ખીજ ૫
છચ્છા છલકાશો નહી, થઇને તમે ધનવાન, નમ્ર બનીને ચાલશો, કહેવાશો કુલવાન. ૬
જજ્જા જીવ ન મારશો મરવું ચાહે ન કોય, જીવદયા કરવા થકી અજરામર પદ હોય. ૭
ઝઝ્ઝા ઝગડો થાય ત્યાં, રહિયે નહીં ક્ષણવાર, લાભ ઘણો પણ જો મળે, લોભાશો ન લગાર. ૮
ટટ્ટા ટેક ન મૂકશો, જે લીધેલી હોય, મરણ કષ્ટ આવે ભલે, બોલી ન ફરશો કોય. ૯
ઠઠ્ઠા ઠાઠજ કીજીયે, નિજ શક્તિ અનુસાર, શાક્ત વગરના શોખથી જાય સહુ ઘરબાર. ૧૦
ડડ્ડા ડહાપણ વાપરી, કરવું સઘળું કાજ, માન મેળવશો સહુ તણું, થઇને સહુના તાજ. ૧૧
ઢઢ્ઢા ઢાઢસ રાખીયે, વિપદ પડે થઇ શૂર, કાયરતા તજવા થકી, થાય સહુ દુઃખ દૂર. ૧૨
તત્તા તાત ને માતની, સેવા કરો ઉજમાળ, શુભ આશિષને પામશો સુખી થશો સદાકાળ. ૧૩
થથ્થા થોડું બોલવું. બહુ બોલે પત જાય, કામ પૂરતું બોલતાં, વ્હાલા સહુને થવાય. ૧૪
દદ્દા દુઃખી જીવની, દયા કરી લ્યો સાર, ફરી ફરી આવો નહી મળે, માનવનો અવતાર. ૧૫
ધધ્ધા ધંધો ન્યાયનો, કરી કમાવો દામ, નીતિમય જીવન થકી સરશે સઘળું કામ. ૧૬
નન્ના નમ્ર બનો તમે, ત્યાગી મિથ્યા માન, સહુને મન ગમશો અને, થાશો બહુ ગુણવાન. ૧૭
પપ્પા પુરૂષારથ કરો, સુખ મેળવવા કાજ, વિપત ટળે સંપત મળે થાશો જગશિરતાજ. ૧૮
ફફ્ફા ફરવાની તમે, ઘરઘર ટાળો ટેવ, કારણ વિણ પરઘર ફરે, મૂર્ખ બને સ્વયમેવ. ૧૯
બબ્બા બુદ્ધિ વાપરી, કરજો નિજ હિત કાજ, વિપદ કદી નડશે નહીં રહેશે જગમાં લાજ. ૨૦
ભભ્ભા ભૂંડા ના થશો, ગણી સહુ ભાઇ સમાન, જો સહુનું ભલું ઇચ્છશો, મેળવશો બહુ માન. ૨૧
મમ્મા મોટા માનવી. પગલે ચાલો પ્રીત, દુખી નહીં થાશો તમે, સજ્જન તણી એ રીત. ૨૨
યય્યા યાદજ રાખશો, ઉપકારી ઉપકાર, તન મન ધનથી વિપદમાં, કરશો સ્હાય અપાર. ૨૩
રરરા રમત જુગારની, રમશો નહીં હોય સાન, શુભ ઉદ્યોગ કરી તમે, થાશો બહુ ધનવાન. ૨૪
લલ્લા લોભી ના થશો, લોભ પાપનો બાપ, સંતોષી બનવા થકી, ટળશે સહુ સંતાપ. ૨૫
વવ્વા વ્યસન નિવારિયે, જુઆ ચોરી શીકાર, માંસ મદિરા પરત્રિયા, સાતમું વેશ્યા નાર. ૨૬
શશ્શા શક્તિ તણો તમે, કરજો સદઉપયોગ, દીન દુખીયાને તારવા, દેજો આતમભોગ. ૨૭
ષષ્ષા ષટ્કાને ગઇ, વાત ફેલાઇ જાય, ગંભીર થઇ બીજા કને, મર્મ ન કહેશો કાંય. ૨૮
સસ્સા સત્સંગી બની, દોષ કરો સહુ દૂર, સેવા સાધુ સંતની, કરજો તમે ભરપૂર. ૨૯
હહહા. હિમ્મત ધારીને, ઉદ્યમ કરો હજાર, નિષ્ફળ નિવડી ના તજો, કરજો વારંવાર. ૩૦
ક્ષક્ષ્ક્ષા ક્ષમા કરશો તમે, મનનો તજી વિરોધ, અપરાધી અપરાધની, કરશો નહીં કાંઇ શોધ. ૩૧
જ્ઞજ્ઞા જ્ઞાની પુરૂષનું, કરજો તમે બહુ માન, જ્ઞાની સંગે વિચરી કરજો બોધનું પાન. ૩૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અગ્યાર અંગોમાં નિરૂપણ કરેલ
# શ્રી તીર્થંકર ચરિત્ર.

( ગતાંક પૃષ્ટ ૧૭૧ થી શરૂ )

૭-૧-૫૫૬ થી ૫૫૯, ભૂત, ભવિષ્ય તથા વર્તમાન, અવસર્પિણી કાળના સાત સાત કુળકરો તેની સ્ત્રીઓ, કલ્પવૃક્ષો, દંડનીતિ, ચક્રવર્તીના ચૌદ રત્નો અને કાળ પ્રભાવનો અધિકાર.

૭-૧-૫૬૪. મલ્લીનાથ ભગવાને પોતે સહિત સાત રાજાઓ સાથે લોચ કરી ઘરનો ત્યાગ કરી દિક્ષા લીધી તેનાં નામ.

૧ વિદેહ રાજકન્યા મલ્લી કુમારી. ૨ ( સાકેત નિવાસી ) ઈક્ષ્વાકુ રાજા પ્રતિબુદ્ધિ. ૩ અંગરાજા ચંદ્રછાય. ૪ કુણાલપતિ રૂકમી. ૫ કાશીરાજ શંખ. ૬ કુરૂપતિ અદીનશત્રુ. અને ૭ પંચાલપતિ જીતશત્રુ.[1]

૭-૧-૫૬૬. છદમસ્થ વિતરાગને સાત કર્મપ્રકૃતિના વેદનનો અધિકાર.

૭-૧-૫૬૮. શ્રમણ ભગવાન મહાવીર વજ્રઋષભ નારાચ સંઘયણવાળા સમ-ચતુરસ્ત્ર સંસ્થાનવાળા અને સાત હાથ ઉંચા હતા.

૭-૧-૫૮૭ શ્રમણ ભગવાન મહાવીરના શાસનમાં બહુરત, જીવપ્રદેશિક, અવ્યક્તિક, સામુચ્છેદિક, દ્વૈક્રિય, ત્રૈરાશિક, અને અબદ્ધિક એ સાત પ્રવચન નિન્હવો થયા છે, જમાલી, તિષ્યગુપ્ત, આષાઢ, અશ્વમિત્ર, ગંગ, ષડુલુક અને ગોષ્ઠામાહિલ એ સાત પ્રવચન નિન્હવોના ધર્માચાર્યો છે જે સાતે પ્રવચન નિન્હવમાર્ગોની ઉત્પતિ અનુક્રમે શ્રાવસતી, ઋષભપુર ( રાજગૃહ ) શ્વેતાંબી, મિથિલા, ઉલ્લુકાપુર, અંતરંજીનગરી અને દશપુર નગરમાં થયેલ છે. ( ટીકામાં આ અધિકાર વિસ્તારથી છે. )[2]

૮-૧-૬૧૬ ભરતચક્રવર્તીના પેઢીના અનુક્રમે આદિત્યયશા, મહાયશા, અતિબળ, મહાબળ, તેજવીર્ય, કીર્તિવીર્ય, દંડવીર્ય અને જલવીર્ય એ આઠ રાજાઓ સિદ્ધ થયા છે. યાવત્.... ....સર્વ દુઃખ રહિત થયા છે.

---

૧ આ સાત નામો આપ્યા છે તે સાથેના દિક્ષિતોમાં આ સાત પુરૂષો મુખ્ય હતા એ દેખાડવા પુરતા છે. અર્થાત્ શ્રી મલ્લીનાથે દિક્ષા લીધી એટલે તેમણે પણ સાથે દિક્ષા લીધી એ સ્પષ્ટતા માટે આ નામો આપ્યા છે. બાકી શ્રી મલ્લીનાથ અને પાર્શ્વનાથ ભગવાને ત્રણુસો ત્રણુસો સાથે દિક્ષા લીધી છે.—ટીકાકાર.

૨ વાદી અને વાદ સૂત્રો ( ૩૦૯ ) ૩૪૫-૫૧૨-૫૮૭-૬૦૭.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૮-૧-૬૧૭ પુરૂષાદાનિય પાર્શ્વનાથ ભગવાનને આઠ ગણો અને આઠ ગણધરો હતા. તેનાં નામ-શુભ, આર્યઘોષ, વશિષ્ઠ, બ્રહ્મચારી, સોમ, શ્રીધર, વીર્ય અને ભદ્રયશા.[1]

૮-૧-૬૨૦. અરિહંત અરિષ્ટનેમિ ભગવાનને આઠ પુરૂષ યુગ( શિષ્યપરંપરા ) સુધી યુગાન્ત કૃત્ ભૂમિ હતી અને કેવળજ્ઞાન પછી ) વર્ષ પાંચના પર્યાયે કોઇ શિષ્ય મોક્ષે ગયા ( આ પર્યાયાન્ત કૃતભૂમિ જાણવી. )

૮-૧-૬૨૧. શ્રમણ ભગવાન મહાવીર પાસે આઠ રાજાઓએ લોચ કરી ઘરબારનો ત્યાગ કરી દિક્ષા લીધી હતી તેનાં નામ. ૧ વીરાંગક, ૨ વીરયશા, ૩ સંજય, ૪ ( કેતક શ્વેતાંબીરાજપતિ પ્રદેશી નોગોત્રિય ) એણેયક, ૫ ( આમલકલ્પાનગરીપતિ ) શ્વેત. ૬ ( હસ્તિનાગાપુરપતિ ) શિવરાજર્ષિ[2] ૭ ( સિન્ધુસૌવીરાધિપતિ ) ઉદાયન. ૮. ( કાશીરાજ ) શંખ.[3]

૮-૧-૬૨૬. અરિહંત અરિષ્ટનેમિ ભગવાનની પાસે કૃષ્ણ વાસુદેવની આઠ પટરાણીઓ લોચ કરી ઘરસંસારનો ત્યાગ કરી દિક્ષિત થએલ છે, તેમ સિદ્ધ થયેલ છે. યાવત્ .... .... સર્વ દુઃખ રહિત થએલ છે. તેનાં નામ—પદ્માવતી, ગૌરી, ગાંધારી, લક્ષ્મણા, સુસીમાં, જંબુવતી, સત્યભામા અને રૂકમીણી એ આઠે કૃષ્ણની ( પટરાણીઓ હતી. અંતકૃત્ દશાંગસૂત્ર વર્ગ ૫, ગાથા ૧ )

૮-૧-૬૫૧. અરિહંત અરિષ્ટનેમિ ભગવાનને દેવ મનુષ્યો અને અસુરોની સભામાં પણ પરાજય ન પામે એવા આઠસો વાદીઓ હતા.

૮-૧-૬૫૨. કેવળી સમુદ્ઘાત અધિકાર.

૮-૧-૬૫૩. શ્રમણ ભગવાન મહાવીરને અનૂત્તરોપપાતિક દેવલોકમાં જનારા ગતિ, કલ્યાણવાળા યાવત........ભવિષ્યમાં ભદ્રવાળા ઉત્કૃષ્ટ આઠસો શિષ્યો અનુત્તરોપપાતિક હતા.

૯-૧-૬૬૪ અભિનંદન ભગવાન પછી નવ લાખ કોડી વ્યતીત થતા સુમતિનાથ ભગવાન ઉત્પન્ન થયા.[4]

---

૧ પાર્શ્વનાથ ભગવાનને દશ ગણધરો હતા પણ બે ગણધરો અલ્પ આયુષ્યવાળા હતા તેથી અહીં તથા પર્યુષણા કલ્પમાં આઠ ગણધરો કહ્યા છે—ટીકાકાર.

૨ આ શિવરાજર્ષિનું ચરિત્ર ભગવતીજી શ. ૧૧, ઉ. ૯, સૂત્ર ૪૧૭ માં આવે છે અને અહીં ટિકામાં પણ આપ્યું છે.

૩ અન્ત-કૃત દશાંગ ( વર્ગ-૬. ) માં વારાણસીના અલક ( અલક્ષ ) રાજાને દિક્ષા આપ્યાનો અધિકાર છે. તે આ શંખ રાજાનું બીજું નામ હશે.—ટીકાકાર.

૪ કાળસૂત્ર—૯૫-૯૯-૪૬૦-૫૨૩-૫૨૪.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૯–૧–૬૭૨ બળદેવ વાસુદેવનો અધિકાર.

૯–૧–૬૮૦ શ્રમણ ભગવાન મહાવીરના "ગોદાસગણ, ઉત્તર બલિષહગણ, ઉદ્દેહગણ, ચારણગણ, ઉદ્દવાડિઅગણ, વિશ્રવાડિઅગણ, કામર્ધિનગણ, માનવગણ, કોટિકગણ" એ નવ ગણો હતા.

૯–૧–૬૮૧. નવકોટિ પચ્ચખાણનો અધિકાર.

૯–૧–૬૯૦ પુરૂષાદાનીય–પાર્શ્વનાથ ભગવાન વજ્ર ઋષભ નારાચસંઘયણ-વાળા સમચતુર સંસ્થાનવાળા અને નવ હાથ ઉંચા હતા.

૯–૧–૬૯૧ શ્રમણ ભગવાન મહાવીરના શાસનમાં ૧ શ્રેણીક (રાજા) ૨. સુપાર્શ્વ (ભગવાનનાકાકા) ૩. ઉદાયી (કોણિક પુત્ર અને વિનયરત્નના કપટથી પૌષધમાં મૃત્યુ પામેલ પાટલી પુરપતિ) ૪. પોટ્ટિલ અણગાર (અણુત્તરોપપાતિ-કમાં દર્શાવેલ પોટ્ટિલ મુનિથી જુદા) ૫. દઢાયું (જેનો પરિચય મળતો નથી.) ૬. શંખ (શ્રાવસ્તીનો પોષધકાર શ્રાવક) ૭, શતક (શ્રાવસ્તીનો શ્રાવક જેનું બીજું નામ પુષ્કલી છે. ૮. સુલસા (પ્રસેનજીતરાજાના નાગસારથીની પત્નિ અને બત્રિશ પુત્રોની માતા.) અને ૯. રેવતી (ભગવાનના લોહીખંડ રોગ માટે ઔષધદેનારી શ્રાવિકા) એ નવજીવોએ તીર્થંકર નામ ગૌત્ર બાંધ્યું છે.

૯–૧–૬૯૨. હે આર્યો. !. કૃષ્ણ વાસુદેવ. ૨. રામબળદેવ. ૩. પેઢાલપુત્ર ઉદાયી (પાર્શ્વનાથ સંતાનિય મુનિ) ૪. પોટ્ટિલ. (અણુત્તરોપપાતિમાં દર્શાવેલ હસ્તિનાપુરની ભદ્રાનો પુત્ર–અણગાર) ૫. શતક ગાથાપતિ. ૬. દારૂકમુનિ. (કૃષ્ણ વાસુદેવનો પુત્ર અને અરિષ્ટ નેમિ ભગવાનનો શિષ્ય. અનુત્તરોપપાતિકમાં કહેલ છે. ૭. નિગ્રંથી પુત્ર સત્યકી (સુજ્યેષ્ઠાનો પુત્ર વિદ્યાધર) ૮. શ્રાવિકાબુદ્ધ અંબડતા-પસ (સુલસાના શ્રાવિકાપણાની પરીક્ષા કરનાર) અને ૯. પાર્શ્વનાથ સંતાનીય સુપાર્શ્વ સાધવી. આ નવે જણા આગામી ઉત્સર્પીણી કાળમાં ચાતુર્યામ ધર્મ ઉપદેશીને સિદ્ધ થશે યાવત....સર્વ દુઃખ રહિત થશે.

૯–૧–૬૯૩ મહાપદ્મ તીર્થંકર ચરિત્ર.

હે આર્યો ? આ બીંબીસાર શ્રેણિકરાજા મૃત્યુના સમયે મૃત્યુ પામીને રત્ન પ્રભા પૃથ્વીના સીમંતક (નામના પહેલા પાટડામાં) નરકમાં ચોરાશી હજાર વર્ષની સ્થિતિવાળા નારકીસ્થાનમાં નારકીપણે ઉત્પન્ન થશે. તે ત્યાં કાળા કાળાશથી ભરેલા યાવત્....(ગંભીર ભયવિકારવાળા–વિકરાળ–ઉદ્વેગકારક) અતિશય કાળા રંગવાળો થશે. અને એક સરખી યાવત્...અસહ્ય પીડા ભોગવશે. ત્યાર પછી તે નારકીમાંથી નીકળીને આવતા ઉત્સર્પિણી કાળમાં આ જંબુદ્વિપના ભરત ક્ષેત્રમાં વૈતાઢ્યગીરી નજીકના પુંડ્ર દેશના શતદ્વારનગરમાં સંભૂતિ કુલકરની પત્ની ભદ્રાની કુક્ષિમાં પુરૂષપણે અવતરશે (ચ્યવન) ત્યારે તે ભદ્રાદેવી પરિપૂર્ણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નવ મહિના અને સાડા સાત અહો રાત્રિ વ્યતીત થતાં અતિ કોમળ હાથ પગવાળા, હીણુપ વગરની પાંચ ઇંદ્રિયોથી પરિપૂર્ણ શરીરવાળા, સુંદર લક્ષણુ ચિન્હ અને ગુણવાલા યાવત્........રૂપાળા પુત્રને **જન્મ** આપશે ( જન્મ ) જે રાત્રે તે બાળકનો જન્મ થશે તે રાત્રે શતદ્વારનગરની અંદર અને બહાર ભારપ્રમાણુ ઘડા પ્રમાણુ પદ્મની અને રત્નોની વૃષ્ટિ થશે. ત્યાર પછી તે બાળકના માત પિતાને અગીયારમો દિવસ વ્યતીત થતા યાવત્........( અશુચિ જન્મ કરણુ દૂર થતા ) બારમે દિવસે આ અનુકૂળ ગુણુવાન ગુણુનિષ્પન્ન નામ પાડશે કે—જ્યારે આ બાળકનો જન્મ થયો ત્યારે શતદ્વારનગરની અંદર તથા બહાર ભારપ્રમાણુ ઘડાપ્રમાણુ પદ્મોની અને રત્નોની વૃષ્ટિ થયેલ છે માટે અમારા આ બાળકનું " "મહાપદ્મ" મહાપદ્મ " એ પ્રમાણે નામ હો. આ પ્રમાણે તે બાળકના માતપિતા તે બાળકનું "**મહાપદ્મ**" એવું નામ રાખશે, પછી માતપિતા મહાપદ્મ કુમારને આઠ વર્ષથી મોટો થયો છે એમ જાણીને મોટા રાજ્યાભિષેકવડે કરીને રાજ્ય ઉપર બેસાડશે. એટલે તે ત્યાંનો રાજા થશે અને મોટા હિમવંત વિશાળ વિંધ્યાચળ મેરૂ વિગેરેની પેઠે શોભતો યાવત........રાજ્યનું પાલન કરતો વિચરશે. કેટલાક દિવસ પછી મહર્ધિક યાવત્........મહા સુખવાળા પૂર્ણભદ્ર ( દક્ષિણુ યક્ષ નિકાયનો ઈંદ્ર ) અને માણિભદ્ર ( ઉત્તર નિકાયનો ઇંદ્ર ) એ બે દેવો તે મહાપદ્મ રાજાનું સેનાધિપતિનું કાર્ય કરશે. જેથી શતદ્વારનગરના અનેક મોટા માંડલીકો, યુવરાજા, મંત્રિઓ, રાજપટ્ટવાળા, કસ્બાના માલેકો, કુટુંબીકો, ધનાઢયો શ્રેષ્ટીઓ, સેનાપતિ, સાર્થવાહ વિગેરે પરસ્પરને બોલાવશે. ( એકઠા થશે ) અને એમ કહેશે કે—હે સુજ્ઞો ? આપણા મહાપદ્મ રાજાનું સેનાકાર્ય મહા ઋદ્ધિવાળા યાવત્........મહાસુખી પૂર્ણભદ્ર અને માણિભદ્ર નામે બે દેવતાઓ કરે છે માટે હે સુજ્ઞો ? આપણા મહાપદ્મ રાજાનું "**દેવસેન**" "**દેવસેન**" એ પ્રમાણે બીજું નામ હો. આ રીતે મહાપદ્મ રાજાનું ત્યારથી "**દેવસેન**" એ પ્રમાણે બીજું નામ થશે.

વળી પણુ અન્ય દિવસે કયારેક દેવસેન રાજામાટે મલરહિત ધોળા શંખના તળીઆ જેવા રંગવાળું અને ચાર દાંતવાળુ હસ્તિ રત્ન ઉત્પન્ન થશે. ત્યારે દેવસેન રાજા તે ધોળા નિર્મળ શંખના તળીઆ જેવા વર્ણવાળા અને ચતુર્દંત હાથી ઉપર ચડીને ક્ષણે ક્ષણે શતદ્વારનગરની વચમાં આવશે-જશે. જેથી શતદ્વારનગરના અનેક રાજા ઈશ્વરો કોટવાળો યાવત્........એક બીજાને બોલાવશે અને કહેશે કે—હે સુજ્ઞો ? આપણા દેવસેન રાજાને ધોળા શંખના તળીયા સમાન સ્વચ્છવર્ણ વાળો અને ચાર દાંતવાળો ઉત્તમ હાથી મળ્યો છે, માટે હે સુજ્ઞો ? દેવસેન રાજાનું "**વિમલવાહન**" એ પ્રમાણે ત્રીજું નામ હો. આ રીતે ત્યારથી દેવસેન રાજાનું "વિમલવાહન-વિમલવાહન" એ પ્રમાણે ત્રીજું નામ થશે. ત્યારે તે વિમળવાહન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજા ત્રીશવર્ષ સુધી ગૃહસ્થપણામાં વસીને માતા અને પિતા દેવલોકમાં જતા પૂજ્ય વડીલોની આજ્ઞા પામીને સ્વયંબોધવાળા હોઇને અનૂત્તર એવા મોક્ષમાર્ગ તૈયાર થશે.

આ તરફ આચાર પાલન માટે આવેલા લોકાંતરમાં રહેનારા દેવોનાં તે ઇષ્ટ મધુરપ્રિય, મનોજ્ઞ, મનોહર, ઉદાર, કલ્યાણકારક, ધનવર્ધક, ઉપદ્રવ શામક, મંગળ કારક શોભાદાર અને કોમળ વચનોવડે ઉત્સાહિત કરાતા સ્તુતિ કરાતા નગરની બહાર જઈને સુભૂમિ ભાગ–ઉદ્યાનમાં એક દેવ દુષ્ય વસ્ત્ર લઇને લોચ કરી ઘરનો ત્યાગ કરવા સાથે અણગાર વ્રત–**દિક્ષા**નો સ્વિકાર કરશે. ( દિક્ષા )

તે ભગવાનને કાંઈક અધિક એવા બાર વર્ષ સુધી કાયાની મમતાનો ત્યાગ કર્યે છતે, શરીર શુશ્રૂષાનો ત્યાગ કર્યે છતે જે કોઇ ઉપસર્ગો આવશે, જેવા કે દેવોએ કરેલ, મનુષ્યોએ કરેલ કે તિર્યંચોએ કરેલ. તે સર્વેને સારી રીતે સહન કરશે ખમશે ક્ષમાપૂર્વક સહન કરશે અને અડગપણે ખમશે. ત્યારે તે ત્યાગી ભગવાન ઇરિયા સમિતિવાળા હશે. ભાષા સમીતિવાળા હશે. એમ દરેક પ્રકારે વર્ધમાન સ્વામીની પેઠે સમજવું. યાવત્....સ્થિર મનવચન કાયાવાળા હશે. તે ભગવાનને આવા પ્રકારે વિચરતા બાર વર્ષ ચાલ્યા જશે, તેર પખવાડીયાં ચાલ્યા જશે. અને તેરમાં વર્ષના મધ્યકાળમાં અનૂત્તર એવા જ્ઞાનવડે ઇત્યાદિ ભાવના અધ્યયન પ્રમાણે ઉત્તમ **કેવળજ્ઞાન** અને કેવળદર્શન ઉત્પન્ન થશે. (જ્ઞાન) ત્યારે તેઓ જીન થશે. કેવળી સર્વજ્ઞ, સર્વદર્શી અને નારકી વિગેરેના પર્યાયોને જાણનારા થશે યાવત્....ભાવના સહિત **પાંચ મહાવ્રતો** અને છ જીવ નિકાય ધર્મનો **ઉપદેશ** કરતા વિચરશે.

અહીં વાચનાંતર પાઠ આ પ્રમાણે છે.

" તે ભગવાન કાંઈક અધિક એવા બાર વર્ષ સુધી કાયાને વોસરાવશે. શરીરની મમતાનો ત્યાગ કરશે, તે દરમિયાન જે કોઇ ઉપસર્ગો ઉપજશે પછી તે દેવોએ કરેલ હશે, મનુષ્યોએ કરેલ હશે કે પશુ પક્ષિ અને તિર્યંચોએ કરેલ હશે, તે સર્વને સારી રીતે સહન કરશે. નિર્ભયપણે ખમશે. ક્ષમાપૂર્વક સહશે અને અડગપણે ખમશે. ત્યારે તે ભગવાન ઇરિયાસમતિવાળા ભાષાસમીતિવાળા યાવત....(પાંચ સમીતિવાળા ત્રણ ગુપ્તિવાળા ગુપ્તેન્દ્રિય) બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરનારા, મમતારહિત દ્રવ્ય વગરના, બંધનરહિત, નિર્લેપ કાંસાના ભાજનમાં રહેલ પાણીની જેમ ચિકાશ રહિત અને ભાવના અધ્યયનમાં કહ્યું છે તેમ યાવત ઘી વિગેરેથી સીંચેલ અગ્નિની જેમ તેજ વડે દેદિપ્યમાન ( વિગેરે ગુણવાલા હશે. એટલે કે–કાંસ્યપાત્રના જળની પેઠે ચિકાશ રહિત, શંખની જેમ રાગરહિત, જીવની જેમ અસ્ખલિત ગતિવાળા, આકાશની જેમ નિરાધાર, વાયુની જેમ બંધનરહિત, શરદના પાણીની જેમ શુદ્ધ, પદ્મપત્રની જેમ નિર્લેપ, કાચબાની જેમ ગુપ્તેન્દ્રિય, પક્ષિની જેમ નિ:સંગ, ગેંડાના શીંગડાની જેમ એકાકી, ભારંડ પક્ષીની જેમ અપ્રમાદી, હાથીની જેવા શૂરવીર,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બળદની જેમ સ્થીર બળવાળા, સિંહની જેમ દુર્ધર, મેરૂની જેમ અડગ, સમુદ્રની જેમ અક્ષોભ ગંભીર, ચંદ્રની જેમ શીતળ, સૂર્યની જેમ દેદિપ્યમાન કાંતિવાળા, સો ટચના સોના જેવા રૂપવાળા, પૃથ્વીની જેમ સર્વ સહનારા, અને સિંચાએલ અગ્નિની જેમ તેજસ્વી હશે. ( સંગ્રહણી ગાથા ૨ ) તે ભગવાનને કોઇની સાથે સ્નેહ બંધન નહીં હોય. જે સ્નેહબંધનો ચાર પ્રકારના કહ્યા છે ૧ અંડજ. ૨ પોતજ. ૩ ઉદગૃહીત અને ૪. પ્રગૃહીત જે જે દિશામાં જવા ઇચ્છશે. તે તે દિશામાં સ્નેહથી બંધાયા સિવાય, શુદ્ધિપૂર્વક, ઉપાધિરહિત નમ્રભાવે, અને નિર્ગ્રંથ સ્વરૂપે સંયમવડે આત્માને ભાવતા વિચરશે. શ્રેષ્ઠ જ્ઞાનવડે શ્રેષ્ટદર્શનવડે, અનૂપમ તપવડે અને તેજ પ્રકારના નિવાસ સ્થાન–વિહાર–સરળતા–નમ્રતા–શાંતતા–ક્ષમા–મુક્તિ–ગુપ્તિ–સત્ય તથા સંયમવડે અને તપગુણ સદ્‌વર્તન, શૌચ તથા વિજ્ઞાનના ફળરૂપ મોક્ષમાર્ગવડે આત્માને ભાવતા, ધ્યાનના મધ્યમાં વર્તતા તે ભગવાનને અનુપમ આઘાતરહિત યાવત....પ્રધાન **કેવળજ્ઞાન** અને **કેવળ**દર્શન ઉત્પન્ન થશે. ( જ્ઞાન )

ત્યારે તે ભગવાન **અરિહંત** થશે. જીન થશે. કેવળી થશે. સર્વજ્ઞ થશે, સર્વ દર્શી થશે. દેવ મનુષ્યો અને અસુર લોકના પર્યાયને જાણશે જોશે. સર્વ જીવો સંબંધી જન્મ–મૃત્યુ–આયુષ્ય. ચ્યવન–ઉત્પાત–તે તે સંબંધવાળું તર્ક–મન–માનસિક વસ્તુ–ખાધેલું કરેલું સેવેલું. જાહેર કાર્ય અને ગુપ્ત કાર્યના સંપૂર્ણજ્ઞાતા હશે. જેના વિષયબહાર કંઇપણ ગુપ્ત કાર્ય–એકાંત ન હોય એવા જ્ઞાનવાળા હશે. તથા સર્વ લોકના સર્વ જીવોના તે તે કાળે મન વચન અને શરીરના યોગમાં આવતા સર્વ ભાવોને જાણતા–જોતા વિચરશે.

અને ત્યાર પછી તે ભગવાન કેવળજ્ઞાન અને કેવળદર્શનવડે દેવસમાજ, મનુષ્ય સમાજ, અસુરસમાજ સમક્ષ શ્રમણનિગ્રંથોના ભાવના સહિત **પાંચ મહાવ્રતો**નો અને છ જીવનિકાય ધર્મનો ઉપદેશ કરતા વિચરશે. ટીકાકાર.

# સુજનતા અને સુ-સ્વભાવ.

વિઠલદાસ મૂ. શાહ.

( ગતાંક પૃષ્ટ. ૧૮૧ થી શરૂ )

હવે અમે સંક્ષેપમાં એ બતાવવા ઇચ્છીએ છીએ કે મનુષ્યનો સ્વભાવ કેવો હોવો જોઇએ અને તેને સાત્વિક અથવા શ્રેષ્ઠ બનાવવા માટે કયી કયી વસ્તુઓની આવશ્યકતા રહેલી છે. સૌથી પહેલી વાત તો એ છે કે પ્રત્યેક મનુષ્યે સ્વભાવથી જ હંમેશાં પ્રસન્ન ચિત્ત રહેવું જોઇએ. કેટલાક લોકોનો સ્વભાવ એવો હોય છે કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓ સંસારની સઘળી બાબતોને દુઃખમય જ સમજે છે અને કેટલાક લોકો એવા હોય છે કે તેઓ તેને સુખમય તથા લાભકારક ગણે છે. એ ઉપરાંત એક એવા પ્રકારના લોકો પણ હોય છે કે જેઓ સંસારનું વાસ્તવિક સ્વરૂપ સમજવાને અસમર્થ હોય છે અને તેને લઇને તેઓ તેને નથી સુખમય સમજતા કે નથી દુઃખમય સમજતા, અને તે કારણથી તેઓ ઘણું કરીને ઉદ્વિગ્ન રહે છે. સંસારમાં સુખ પણ છે, અને દુઃખ પણ છે. સુખોમાં પણ દુઃખની જ ભાવના કરનાર લોકો અધિક સદાચારી અને સંસારનું કલ્યાણ કરનાર બને છે. આ સંબંધની વધારે બાબતો ઉપર સંપૂર્ણ વિવેચન એક આગળના પ્રકરણમાં કહેવામાં આવશે; પરંતુ અહિં તો અમે એટલું જ ઠસાવવા માગીએ છીએ કે જે મનુષ્ય પોતે ગુણવાન અને ગુણગ્રાહી હોય છે તે ઘણેભાગે બીજાના દોષો તરફ કદિપણ ધ્યાન આપતો નથી, કેવળ તેના ગુણો ગ્રહણ કરી લે છે. પરંતુ જે મનુષ્યમાં દોષો વધારે હોય છે તેને સંસારની સઘળી બાબતોમાં, સારી બાબતમાં પણ દોષ સિવાય કશું દેખાતું જ નથી અને દોષદર્શી થવું એ ઘણું જ ખરાબ છે. જે મનુષ્યને દોષો જોવાની ખરાબ આદત પડી જાય છે, તેના મનનું સંસારની કોઇપણ બાબતથી સમાધાન થતું નથી. એથી ઉલ્ટું જે મનુષ્ય સઘળી બાબતો અથવા પદાર્થોમાં કેવળ ગુણ અથવા ભલાઇ જ જુએ છે તેના ઉપર કોઇ મહાન વિપત્તિ આવી પડે તો પણ તે કદિ ગભરાતો નથી અથવા નિરાશ થતો નથી; એટલું જ નહિ પણ તે શાંતિ અને ધીરજથી તે વિપત્તિ સહન કરે છે. એમ સમજીને કે આગળ ઉપર એમાંથી કોઇને કોઇ સારૂં પરિણામ આવશે જ, એવા મનુષ્યમાં સંતોષ, આનંદ, શ્રદ્ધા વિગેરે અનેક સદ્‌ગુણો અને સદ્‌ભાવો હોય છે કે જેના સંબંધમાં બીજા લોકો ઇર્ષ્યા પણ કરે છે. એક વિદ્વાન મહાશયનું એવું માનવું છે કે જ્ઞાનવાન અને અજ્ઞાની બન્ને ઉપર દુઃખ તથા સુખ સમાન રૂપે જ આવે છે. જ્ઞાનવાન મનુષ્ય દુઃખને વખતે ગભરાઇ જતો નથી તેમજ સુખને વખતે એટલો બધો ફુલાઇ જતો નથી; પરંતુ અજ્ઞાની મનુષ્ય થોડા દુઃખથી વિહ્‌વળ બની જાય છે અને થોડા સુખથી એનો દિમાક ફરી જાય છે. જ્ઞાનવાનનું દુઃખ પણ ઘણે ભાગે સુખરૂપમાં પરિણત થઇ જાય છે અને અજ્ઞાનીનું સુખ પણ દુઃખદાયક બની જાય છે.

સ્વભાવને સાત્વિક બનાવવા માટે તથા હંમેશાં પ્રસન્નચિત્ત રહેવા માટે અનેક વસ્તુઓની જરૂર રહેલી છે, જેમાં સદાચાર, નિષ્કપટતા, સત્યભાષણ, પ્રેમ, શ્રદ્ધા, દયા, ધૈર્ય, વિનય, સંતોષ, નમ્રતા, પરોપકાર બુદ્ધિ વિગેરે મુખ્ય છે. એમાં સૌથી પહેલો ગુણ સદાચાર ઘણોજ વ્યાપક છે અને માનવોચિત સઘળા ગુણોનો તેમાં સમાવેશ થઇ જાય છે. એ સંબંધમાં એક સ્વતંત્ર પ્રકરણ શરૂઆતમાં જ લખાઇ ગયું છે, તેથી આ સ્થળે કંઇ વિશેષ લખવાની આવશ્યકતા નથી. આપણે હવે બાકીના સર્વ ગુણો ઉપર થોડો થોડો વિચાર કરીશું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિષ્કપટતા અને સત્યતા એ એવા ગુણો છે કે તેના ઉપર લોકો સહજ આપો-આપ મોહિત થઈ જાય છે. જે મનુષ્ય નિષ્કપટ અને સાચો હોય છે તેની વાતોમાં કોઈપણ જાતનો ઢોંગ કે દેખાવ હોતો નથી. વાતો કરતી વખતે એવા મનુષ્યનું હૃદય દૃઢ અને બલિષ્ટ હોય છે તથા દૃષ્ટિ સ્થિર અને નિશ્ચય રહે છે. એનો સઘળો વ્યવહાર ઉદારતાપૂર્ણ હોય છે. બીજાઓને અસત્ય બોલતા જોઈને કાં તો તેને લજ્જા આવે છે ને કાં તો ક્રોધ આવે છે. તેની સઘળી વાતો સાચી, સ્નેહપૂર્ણ તથા પ્રભાવ યુકત હોય છે. તે મનુષ્ય વખત આવતા બીજાને સાચી વાતો સંભળાવતા ચુકતો નથી અને પોતાનું અવશ્ય ધાર્યું કરે છે.

જે મનુષ્ય કપટી અથવા જુઠો હોય છે તે ઢોંગ રચીને વાતવાતમાં લોકોને એમ ઠસાવવા માગે છે કે હું બીલકુલ સાચું કહી રહ્યો છું અને કરી રહ્યો છું; તે હમેશાં બીજાને છેતરવાના પ્રયત્નમાં જ લાગી રહે છે. તે દુઃખને સમયે હસી પણ શકે છે અને સુખને સમયે રડી પણ શકે છે. તેની વાતો અને વ્યવહારોનો એક બીજા સાથે મેળ હોતો નથી તેમજ કાંઈ ઠેકાણું હોતું નથી. તે ઘણે ભાગે એમ સમજે છે કે મારી ખરી સ્થિતિ લોકોમાં પ્રકટ નથી થઇ; એવો મનુષ્ય ઘણું કરીને નિર્લજ્જ પણ હોય છે. જ્યારે કોઇના પાસે તેનું કપટ તથા જુઠ પ્રકટ થઇ જાય છે, ત્યારે તે બીજા કપટ અથવા જુઠથી પોતાના આગલા કપટ તથા જુઠને છુપાવવાની ચેષ્ટા કરે છે. તેની માન્યતા પ્રમાણે તો તે પોતાનું જુઠ અથવા કપટ છુપાવી રાખે છે, અને તેમાં મોટી બહાદુરીનું કામ કર્યું એમ સમજે છે, પરંતુ ખરી રીતે તો તેનું જુઠ અથવા કપટ બહુ સારી રીતે લોકોમાં પ્રકટ થઇ જાય છે. તે લોકોની નજરે આગળ કરતાં વધારે પતિત ગણાય છે. કપટી અને જુઠો મનુષ્ય પોતાના કપટ વ્યવહાર તથા જુઠી વાતોની સહાયતાથી પ્રતિષ્ટા પ્રાપ્ત કરવાનો જેટલો પરિશ્રમ લે છે તેનાં કરતાં ઘણા થોડા પરિશ્રમે જો તે ઇચ્છે તો નિષ્કપટ વ્યવહાર અને સાચી વાતોની સહાયતાથી વધારે પ્રતિષ્ટા પ્રાપ્ત કરી શકે છે.

કપટી અને જુઠું બોલનાર માણસો ઘણા પ્રકારના હોય છે. કેટલાક લોકો શેખીની ખાતર, કેટલાક ખુશામત ખાતર, કેટલાક સ્વાર્થ ખાતર, કેટલાક બ્હીકને લઇને, કેટલાક ઈર્ષ્યાને અથવા દ્વેષને લઇને અને કેટલાક તો નિષ્કારણ જુઠું બોલે છે અને કપટ–વ્યવહાર ચલાવે છે. એક વિદ્વાને તો આઠસો પ્રકારના જુઠ ગણાવ્યા છે. ઘણું કરીને એવા બે ચાર જાતના જુઠા લોકોને જાણતા હશો કે જેઓ કોઇ ઉદ્દેશ અથવા લાભ વગર માત્ર ટેવ પડી જવાથી જ નિરંતર જુઠું બોલ્યા કરે છે. તદ્દન સાધારણ વાતો પણ તેઓ ઘણી જ વધારીને, મીઠું મરચું ભભરાવીને અને એવા હાવભાવથી કહેશે કે જેનાથી સાંભળનાર માણસો સમજી લે છે કે તે વિષયમાં તેને પુરેપુરી માહિતગારી છે. કેટલાક લોકો અવિચારથી અથવા બેપરવાઇને લઇને જ જુઠું બોલે છે. એવા લોકોને જુઠું બોલવાનો હેતુ નથી હોતો, છતાં પણ તેઓની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘણી જ થોડી વાતો સાચી હોય છે. એવા લોકો વાતો ઘણી મોટી કહે છે અને બધા વિષયોમાં પોતાનું મત એટલી બધી દૃઢતાથી પ્રતિપાદન કરે છે કે લોકો તેને સંપૂર્ણ જ્ઞાતા માનવા લાગે છે; પરંતુ તેનો મત અથવા નિર્ણય વસ્તુતઃ ઘણોજ દોષપૂર્ણ અને ભ્રમાત્મક હોય છે. તેઓ કોઇપણ બાબતનો વિચાર ધૈર્ય-પૂર્વક કરતા નથી તેમજ સાંભળતા પણ નથી. તેઓનું મિથ્યા ભાષણ કોઈ વિશિષ્ટ ઉદ્દેશથી નથી હોતું, પરંતુ ફક્ત એજ કારણ હોય છે કે તેઓ વિચાર કરવામાં તથા સમજવામાં ઘણી જ ઉતાવળ કરે છે.

કેટલાક લોકો માત્ર બીજાને પ્રસન્ન કરવા માટે જ જુઠું બોલ્યા કરે છે. બીજાના દોષો બતાવીને તેઓ તેમને દુઃખી નથી કરી શકતા, પરંતુ તેમના નાના નાના ગુણોનું પણ એટલું બધું વધારીને વર્ણન કરે છે અને એ રીતે તેઓ બીજાને પ્રસન્ન કરે છે. આવા પ્રકારના જુઠું બોલનાર માણસો કોઇ કોઈ વખત ઘણી જ હાનિ પહોંચાડે છે. કેટલાક લોકો કેવળ શિષ્ટાચારને લઇને જ જુઠું બોલે છે. એવા લોકો કોઇ કોઇ વખત અપ્રિય સત્ય નથી બોલી શકતા, જેથી બીજાને ભારે નુકશાન પહોંચાડે છે. ધારો કે આપણે ત્યાં કોઈ એવો માણસ નોકર તરીકે રહ્યો છે કે જે આળસુ ચોર તથા નાલાયક છે; એના કોઇ દુર્ગુણ અથવા અપરાધને લઇને જ આપણે એને નોકરીથી બરતરફ કરીએ છીએ. પરંતુ જો તે આપણી પાસેથી જતી વખતે પ્રમાણ પત્ર માગે છે તો અપ્રિય સત્ય નહિ કહેવાને કારણે આપણે એને એક સુંદર પ્રશંસાપત્ર લખી આપીએ છીએ, તે વખતે આપણને એટલો બધો ખ્યાલ નથી રહેતો કે આપણાં એ પ્રશંસાપત્ર ઉપર વિશ્વાસ રાખવાથી આગળ ઉપર બીજાને કેટલું નુકશાન થશે.

જુઠું બોલવાના ઘણા પ્રકાર છે. જો આપણે કોઈ વાત જાણતા હોઈએ અને સમય આવે સ્વાર્થ વશાત્ તે ન કહીયે અને ચૂપ રહીએ તો તે પણ એક પ્રકારનું જુઠ છે. જે સ્થળે અને જે સમયે સત્ય બોલવું એ આપણું કર્તવ્ય હોય તે સ્થળે અને તે સમયે બીલકુલ ચૂપ રહીએ તો તે પણ જુઠું જ છે. જો આપણે કોઇ વાતનો અમુક ભાગ કહીએ અને અમુક ભાગ છુપાવી રાખીએ તો તે પણ જુઠ જ છે. જૂઠ માત્ર મુખમાંથી જ નીકળે છે એમ નથી, તે તો આચાર, વ્યવહાર, સંકેત અને જરા આંખ મીંચામણી કરવાથી કે ખંભો હલાવવાથી પણ જણાવી શકાય છે, પરંતુ સૌથી વધારે નિકૃષ્ટ અને નુકશાનકારક જુઠો મનુષ્ય એ છે કે જે કેવળ પોતાની નબળાઇને લઇને જુઠું બોલે છે અને જેનામાં વખત આવે અપ્રિય સત્ય બોલવાનું સાહસ નથી હોતું. એવા મનુષ્ય એટલી બધી હદે પહોંચ્યા હોય છે કે તેઓ કદિપણ કોઈ એવી વાત નથી કરતા કે જેમાં તેને પોતાના પક્ષનું સમર્થન કરવું પડે. એટલાજ માટે એક વિદ્વાને કહ્યું છે કે–દુર્બળ અથવા કાયર દુરાચારી હોવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે એટલે જુઠું બોલે છે એમ નથી હોતું, પરંતુ તેઓમાં બોલવાની શકિત અથવા સાહસનો અભાવ હોય છે તેથી જ તેઓ જુઠું બોલે છે.

સાચું બોલવાથી આપણી ઉપર કોઇ જાતની આપત્તિ આવે એમ હોય, આપણી બદનામી થતી હોય, અથવા આપણા સ્વાર્થને કોઈ જાતનું નુકશાન થાય એમ હોય અને આપણે એમ માનતા હોઇએ કે જરા જુઠું બોલવાથી અને કોઈ વાત છુપાવી રાખવાથી આપણે એ આપત્તિ, બદનામી અથવા નુકશાનીથી બચી જઇએ એમ હોઇએ, એવી સ્થિતિમાં સાચું બોલવા માટે અપૂર્વ સાહસ તથા બળની આવશ્યકતા રહેલી છે. જો આપણા વિપક્ષીને મોટું નુકસાન થતું હોય અથવા સંબંધીને મોટું નુકશાન થતું હોય તો તે સમયે સાચું બોલવા માટે મહાન્ સાહસ અને મનુષ્યત્વની આવશ્યકતા રહેલી છે. જે સમયે આપણે જુઠું બોલવાથી મોટા આર્થિક નુકશાનથી બચી શકીયે એમ હોઇએ અથવા જુઠું બોલવાથી આપણને કયાંયથી મોટી રકમ મળી શકતી હોય તે સમયે સાચું બોલવા માટે મહાન નૈતિક સાહસની આવશ્યકતા રહેલી છે. પરંતુ એટલું હમેશાં લક્ષમાં રાખવું કે સાચું બોલીને પોતાને નુકશાન કરવું તે જુઠું બોલીને બીજાને નુકશાન કરવા કરતાં લાખ દરજ્જે સારૂં છે.

ચાલુ—

## મોંઘુ જીવન.

અમૃત જેવા આસ્વાદવાળું, ઔષધી વગરનું રસાયણ જેવું, તથા અન્યની અપેક્ષા વિનાનું ઐશ્વર્ય પ્રાપ્ત કરાવનારૂં, માત્ર એક દિવ્ય જ્ઞાન છે અને તે જ્ઞાન જ આ જીવનનું સાધ્ય બીંદુ છે. આપણા ગત જન્મના અનેક કોટી જીવનમાં જે દાન, બ્રહ્મચર્ય, તપશ્ચર્યા, અને શુદ્ધ સંકલ્પો ( ભાવ ) તે રૂપી બીજો વાવેલા તેનું અત્યુત્તમ અને દુર્લભમાં દુર્લભ જો કોઇ જીવન હોય તો આ માનવ જીવન છે.

× × ×

માનવ જીવનની એક એક ક્ષણ પણ અતિ ઉપયોગી છે એવો અનુભવ જયાં સુધી આપણા હૃદયાન્તર્ગત થતો નથી, ત્યાં સુધી તે પાશવ કોટીનું જીવન છે એમ શાસ્ત્રકારો કહે છે. શ્રી પ્રભુ મહાવીર સ્વામીએ જીવનનો એક ક્ષણ પણ પ્રમાદ નહિં કરવાનો ઉપદેશ ક્ષણે ક્ષણે ગૌતમસ્વામિ મહારાજાને આપેલો છે એવું ઉચ્ચકોટીનું જીવન તેજ આ માનવ જીવન છે.

× × ×

દેવો જેના માટે ઇચ્છા કરી રહ્યા છે. પરબ્રહ્મ ( મોક્ષ ) જે જીવનથી સાધ્ય થઈ શકે છે–અનંત જ્ઞાન,–અનંત દર્શન,–અનંતબળના ચૈતન્ય ઝરણાં જેમાં ઝળહળી રહેલાં છે. એવું આદર્શ જીવન પ્રાપ્ત કરાવનાર તેજ આ માનવ જીવન છે.

× × ×

For Private And Personal Use Only

મહત્વાકાંક્ષાઓથી ભરેલા સત્ પુરૂષોના જીવનને કામકુંભની ઉપમા યોગ્યજ છે; કારણકે બીજાના લાભ માટે પોતાનો સર્વ શકિત રૂપ ખજાનો લુંટાવી દે છે, તેઓ સમગ્ર જગતને પોતાનું કુટુંબ માને છે અને પોતાની વિભુતિનો તે માટેજ ઉપયોગ કરે છે.

× × ×

સંયમ, ચિત્તસ્વાસ્થ્ય, આત્મગૌરવ, સચ્ચારિત્ર એ કિરણો બ્રહ્મચર્યની જયોતિમાંથી નીકળેલા છે. જીવનનો ઉંચો આસ્વાદ માત્ર એક સંયમ સાધનારને જ મળે છે.

ગુણી પુરૂષોની ગણનામાં જેના નામની આંગળી પડતી નથી, જેના જીવનથી જગતના જીવોને કાંઇ પણ લાભ પ્રાપ્ત થતો નથી એવું જીવન તે મહાત્માઓની દ્રષ્ટિએ માતાની કુક્ષીને અને દુનિઆને પણ ભારરૂપ છે.

× × ×

સ્વાર્થ સાધવામાં, બાહ્યાડમ્બરોમાં, કોમિ ઝઘડાઓમાં, મતાંતરોમાં આપણી શક્તિનો અને સમયનો એટલો બધો દુરૂપયોગ કરી રહ્યા છીએ કે આપણી પ્રગતિ–આપણી મહત્વાકાંક્ષા–સેવાભાવ અને સમાજ સંગઠનના કાર્યો આવી પડતાં–આપણે કર્તવ્યહીન બની આપણી નિર્બળતા દેખાડી નિરાશ થઇ જઇએ છીએ.

× × ×

મારા બંધુઓના, સમસ્ત વિશ્વના, અને દરેક જીવના ભલા માટે મારૂં આત્મિકબળ, માનસિકબળ, અને શારીરિક બળ પ્રાપ્ત થયેલું છે એવી ઉચ્ચ હૃદયાન્તર્ગત વૃત્તિ જ્યારે સર્વ કોઈ જીવનમાં ઓતપ્રોત થઈ જશે ત્યારે ગુણ લુબ્ધ–સંપત્તિ, વિજય, પ્રગતિ, દિવ્ય આનંદ, સ્વયમેવ સન્મુખ આવી વિજયમાળ પહેરાવશે.

લેખક, સંગ્રાહક,

**કસ્તુરચંદ હેમચંદ દેશાઇ**

ધાર્મિક શિક્ષક શ્રી જૈન ગુરૂકુળ—પાલીતાણા.

## જૈન દષ્ટિએ વિજ્ઞાનયુગ.

જૈનધર્મ એ વિશ્વધર્મ છે, તેના સિદ્ધાંતો સ્યાદ્વાદ ગર્ભિત–એટલે સર્વદેશીય સત્યશીલ અને સર્વજ્ઞકથિત છે. અત્યારે વધતા જતા વિજ્ઞાનયુગમાં વિજ્ઞાનીઓને તેના સર્વમાન્ય સિદ્ધાંતોની જગતને ખાત્રી થતી જાય છે અને હજુ પણ તેના તત્વાભિલાષીઓ જેમ જેમ ઉંડા ઉતરતા જશે તેમ તેમ તેમને અધિક ને અધિક જાણવાનું મળશે તેમ ખાત્રી થયા વિના રહેતી નથી. આ સ્થાને તેના થોડા મુદ્દાનું અવતરણ કરવું તે અસ્થાને નહિ ગણાશે.

૧ પાણીના બિંદુની અંદર એટલા જીવો છે કે પારેવા જેવું રૂપ કરે તો

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આખા જંબુદ્વીપમાં ન માય, આવું જૈન દ્રષ્ટિ કહે છે, આ બાબતની મહાકાળ વાંચતા મને પૂર્ણ ખાત્રી થઇ હતી. મહાકાળ પત્ર એ નૃસિંહાચાર્યના સંપ્રદાય તરફથી પ્રસિદ્ધ થતું હતું.

૨ વનસ્પતિમાં જીવો છે અને તેનામાં મનુષ્યોની જેમ લાગણી પણ છે, એવું પ્રો. જગદિશચંદ્ર બોઝે ( પ્રયોગો કરી ) ખાત્રી કરી જગતને સાબીત કરી આપ્યું છે. જૈન દ્રષ્ટિ પૃથ્વીકાય ( માટી પાષણાદિમાં રહેલા જીવો ) અપૂકાય ( પાણીના જીવો ) તેઉકાય (અગ્નિના જીવો) વાયુકાય (વાયુના જીવો) અને વનસ્પતિકાય (વનસ્પતિના જીવો) તેને એકેંદ્રિય જીવો તરીકે મૂળથી માનતી આવી છે. મારા મન્તવ્ય પ્રમાણે વિજ્ઞાનીઓ જો હજુ પણ આ બાબતમાં ઉંડા ઉતરશે અને જૈન ધર્મમાં બતાવેલ દ્રવ્યાનુયોગનું યથાસ્થિત પાન કરશે તો, તેમને ઘણું જાણવાનું મળશે. તેની સાથે સૃષ્ટિના ઉત્પત્તિકાળમાં પણ જે કલ્પનાઓ કરવી પડી છે તેઓ વિરામ પામી તેમને સત્યની ઝાંખી થયા વિના રહેશે નહિં. ટુંકાણમાં સૃષ્ટિના ઉત્પત્તિકાળમાં પ્રકૃતિને સામ્યપણું માનવાની જે કલ્પના કરવી પડે છે અને બ્રહ્માને ક્ષોભ થવાથી પ્રકૃતિમાં વિસામ્યપણું થવાથી, માયા અને અવિદ્યા સ્થાન લે છે, ને ત્યાર બાદ પ્રકૃતિની આવરણ અને વિક્ષેપશક્તિઓ પોતાનો ભાવ ભજવે છે, જેને લીધે આ સકળ જગતની લીલા માત્ર છે; આવી રીતે ઉત્પત્તિ કાળના સમયની કલ્પના કરી નિર્લેપ, નિસ્પૃહિ, સચ્ચિદાનંદ પરમાત્મજેવી મહાન્ વ્યક્તિને ક્ષોભ પમાડવાની સ્થિતિમાં મૂકી સંપૂર્ણને અસંપૂર્ણતાની સ્થિતિમાં મૂકવાની માથાફોડમાં ઉતરવું પડે છે, તે સઘળું ઉપરના જૈન ધર્મના દ્રવ્યાનુયોગનું પૂર્ણ રીતે પાન કરવાથી મટી જશે અને સત્યની ઉજ્વળ બાજુનું અવલોકન થશે.

૩ કંદમૂળ એ જૈન દ્રષ્ટિએ અભક્ષ્ય અનંતકાય છે અર્થાત્ તે મુમુક્ષોએ ખાવા યોગ્ય નથી અને વર્જીત છે; એવું જૈન દ્રષ્ટિ કહે છે અને આથી જ કરીને જૈન સંપ્રદાયે તેને ખાવામાંથી વર્જીત કર્યું છે. આ સ્થળે કહ્યા વિના ચાલતું નથી કે જૈન શાસ્ત્રો પાણી પહેલા પાળ બાંધવાની પેઠે ખાવા પીવા ઉપર મૂળથીજ અંકુશ મુકયો છે. અને એ વાસ્તવિક પણ છે. અન્ન તેવો ઓડકાર અર્થાત્ જેવો આહાર લેવામાં આવે તેવા જ વિચારોના આંદોલનો પણ પ્રભવે છે. વળી ઇંગ્લીશમાં પણ કહ્યું છે કે Prevention is better than cure. અર્થાત કોઇ વસ્તુને થયા પછી તેના ઉપાયો લેવા તેના કરતાં તેને થતી જ અટકાવવી એ વધારે સારૂં છે, માટે વીતરાગ પ્રભુએ મુક્તિપરાયણ જીવોને મુક્તિનો પંથ સુલભ થાય તે માટેજ કંદમૂળ જેવી અભક્ષ્ય અનંતકાય ચીજો નહીં ખાવાનો નિર્દેશ કરેલો છે. કંદમૂળ ભોંયની અંદર ઉગે છે, અને તેના ઉપર સૂર્યનો તાપ ન પડવાથી તેમાં ઘણી જીવાત રહેલી છે તેથી જૈન શાસ્ત્રે તેનો ખાવા માટે નિષેધ કરેલો છે અને વિજ્ઞાન દ્રષ્ટિએ પણ તેને પૂરવાર કરી આપ્યું છે. સુભાગ્યે હાલમાં ફિઝીકલ કલ્ચરિષ્ટોએ શોધ્યું છે

For Private And Personal Use Only

કે બટાટામાં ( Potatoes ) ચરબી છે. આવી બાબતોમાં પણ વિજ્ઞાનીઓ ઉંડા ઉતરશે તો તેમને–જૈન દ્રષ્ટિની સત્યતા સિદ્ધ થયા વિના રહેશે નહિ. થોડા વખત પહેલાં જૈનોના નકોડા ઉપવાસ અને ઉકાળેલ–પાણીના સંબંધમાં પણ ઉહાપોહ થયેલ જોવામાં આવેલો; પરન્તુ તેની ઉપયોગિતા માટે અત્યારે અમેરિકન ફિઝીકલ કલ્ચરિષ્ટોએ ફિઝીકલ કલ્ચરના પાને પાના ભરવા માંડ્યા છે, ને તેની જરૂરીયાતનો એકી અવાજે સ્વીકાર કરે છે અને આશા છે કે હજુ પણ વિજ્ઞાનીઓ જેમ જેમ ઉંડા ઉતરશે અને સત્યનું શોધન કરશે તો તેમને ઘણું જાણવાનું મળશે. ઉત્તરાધ્યયન સૂત્રમાં ગૌતમ સ્વામિ મહાવીર પ્રભુને પ્રશ્ન પૂછે છે કે હે પ્રભુ ! માના પેટની અંદર બાળક શી રીતે રહેતું હશે ? શું આહાર કરતું હશે ? તેનો નિહાર કેવી રીતે થાય છે ? વિગેરે સૂક્ષ્મ પ્રશ્નો પૂછેલ છે અને તેનો જવાબ પણ કૈવલ્ય જ્ઞાનના સદ્ભાવે શ્રી પ્રભુ મહાવીરે આપેલો છે, જે આજે વિજ્ઞાનની દ્રષ્ટિએ પણ સિદ્ધ થાય છે. માટે તત્વાભિલાષિઓને–વિજ્ઞાનના શોધકોને જૈન આગમોનું પાન કરવાની વિજ્ઞપ્તિ કરૂં છું.

પાલીતાણા. } શંકરલાલ ડાહ્યાભાઈ કાપડીયા.
તા. ૨૩–૨–૨૮. } સુ. જૈ. ગુરૂકુળ.

## !! સન્મિત્ર !!

( કવાલી. )

સન્મિત્રતા સંસારમાં સુધર્મ સાથે સાધ લો,
એકલો આપત્તમાં તે સા'ય થાશે માન લો;
સમૃદ્ધિ ચૌદ ભુવન તણી તે મિત્ર સા'યે જીત લો,
અન્ય મિત્રો હોય પણ શા કામના તે શીખ લો;
કયાં આવીયા ને કયાં જશો તે મર્મ ઉર ઉકેલ લો,
નરભવ મળ્યો, અવસર મળ્યો, મળશે ફરી નવ માન લો;
વાવ્યું હશે તેવું લણાશે સૂત્ર સાચું ભાખ લો,
મન વચન કાયે કર્યું કરશો શું તેનું માપ લો,
જન્મ્યા ન જન્મ્યા તોય શું ભવભાર મિથ્યા માન લો,
ચાહ્યું ન તે પુરૂષાર્થ સાધી શ્રેય સ્વપર સાધ લો;
મિત્રો મળે સુખ સમયમાં અણબોલવ્યા સંભાળ લો,
વિસારશે તે દુર્દશામાં પંથ પ્યારો પામ લો.

રચનાર:–મણિલાલ માણેકચંદ–મહુધાવાળા.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# " શિખરપરથી દૃષ્ટિપાત "

આજે સમાજ સાચા સુકાનીઓની અને શાસનસેવકોની અનિવાર્ય જરૂર માની રહી છે. પ્રથમ આપણે સુકાનીઓની વિચારણા કરીએ. નેતા કહો, સુકાની કહો, કપ્તાન કહો એ બધા એકાર્થીજ છે. નેતા કેવા હોવા જોઇએ તેનો વિચાર કરીએ. તે પ્રૌઢ, ગંભીર, વિનયી, શાંત, દીર્ઘદર્શી, નિરાભિમાની, આત્મભોગી, વિચારક, પરમતસહિષ્ણુ, વિદ્વાન્, ધાર્મિક સંસ્કારોથી વિભૂષિત. અને વ્યવહારકુશળ. યદિ કોઇપણ નેતામાં આટલા ગુણો હોય તો એ જરૂર પૂજાય તેની આજ્ઞા-તેના હુકમો બધાય પાળે. આવા સુજ્ઞ અને ગુણી નેતાને હુકમ કરવોજ ન પડે; સમાજ તેના એક વચને બધું સમજી જાય, તેની આંખના પલકારે—સાનમાં કામ થઇ જાય. સમાજ તેને પોતાનું નાવ જરૂર હર્ષથી સોંપે તેમાં નવાઇ જેવું નથી. કુશલ કપ્તાન એ વહાણને કટોકટીના સમયે સામેપાર નિર્વિઘ્ને જરૂર પહોંચાડે એ તેની ફરજ છે. એને કદીપણ ફૂટ-નિતિ વાપરવાનો પ્રસંગજ ન આવે. એ નેતા તનતોડ મહેનત કરે, પોતાને સોંપાયેલ કાર્ય હરકોઇ પણ ભોગે કર્યેજ છૂટકો માને. એ ગમે તેવું કાર્ય કરશે પણ તેનામાં અહંત્વ કે ગર્વ નહિ હોય, પરન્તુ પોતાની ફરજ બજાવી છે એમ માનશે. પોતે સમજશે કે આ કાર્ય મારાથી થશે કે કેમ ? યદિ નહિં થાય તેમ હોય—બીજો કોઇ કરી શકે તેમ હશે તો તેને મોખરે કરી—આગળ લાવી તેની પાસે જરૂર કામ કરાવશે. એમાં પોતાનું અપમાન કે હલકાઇ નહિં માને, છેવટે તેની સલાહ લઇ તેના કહ્યા મુજબ કરી કામ સુધારવા પ્રયત્ન કરશે. એનું ધ્યેય એકજ હશે કે કોઇપણ રીતે કામ સારીરીતે થવું જોઇએ, પછી હું કરૂં કે બીજા કરે.

× × × ×

આવાજ ગુણોવાળા નેતા-શેઠ આપણી સમાજમાં જોઇએ છીએ એમ બધા માને છે. બધા એમ પોકારે છે કે અમારે નેતા જોઇએ નેતા જોઇએ. જૈન સમાજે ઘણાય વિદ્વાન, વિચારકો અને સુધારકોને ઘણીવાર નેતૃત્વ આપ્યું છે એમાં લગારે સંશય જેવું નથી. પરન્તુ ઉપર લખેલા બધા ગુણો તેમનામાં હતા કે કેમ એમાં જબ્બર શંકા છે. એ નેતાઓએ સમાજની શું શું સેવાઓ બજાવી ? આનો હિસાબ સમાજ માગે છે. તેમણે ગાદી તકીએ કે ખુરશીએ બેસી જે જે ઠરાવો ઘડયા તે કેટલા પાળ્યા છે ? અને સમાજ તે પ્રશ્ન વિચારી ગ્રહણ કરે તેને માટે તેમણે શું શું કર્યું છે આનો ઉત્તર આપવો એ તેમની ફરજ છે. અત્યારના આપણા નેતાઓએ—સમાજે જેમના હાથમાં સુકાન સોંપ્યું છે તે નેતાઓએ કેટલો આત્મભોગ આપ્યો છે ? તેનો ઉત્તર નેતાઓ કેવો આપે છે તે જોવા જેવું છે. વકીલને તો પોતાની ધીકતી વકીલાતમાંથી ફુરસદ મળે અને મોજ આવે તો કામ કરવું છે અને તેમાં પણ મોટાઇ, માન તો જોઇએ જ. શેઠને ગાદી તકીઆમાં બેસી હુકમો કરવા છે. પોતાના વેપારમાંથી ફૂરસદ મળે અને માન, મોટાઇ મળે તેમ હોય તો કામ કરવું છે. અથવા બધા ભેગા મળી સ્ટેજ ઉપર ઉભા રહી જુસ્સાદાર વાણીમાં વ્યાખ્યાન હોલ ગજાવી તાળીઓ પડાવવી છે. આ સ્થિતિ કેટલી ઘડી નભે ? ભલે ક્ષણિક વાહ વાહ કે પ્રભાવમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમાજ અંજાય પણ પાછળ ચૂડેલના વાંસાની માફક પોલાણુ જ્યારે સમાજ જોઇ જાય છે ત્યારે તે ભડકે છે અને ટીકાનાં બાણો છોડે છે.

× × ×

એકવાર આપણામાં આત્મભોગી વિનયી દીર્ઘદર્શી નેતાઓનો તોટો ન્હોતો, તેઓ પોતે મહાન્ આત્મભોગ આપી—તન મન અને ધનનો ભોગ આપી સમાજના સેવક તરીકે પોતાને માની કામ કરતા હતા. તેઓ માન અપમાનની ભાગ્યેજ દરકાર રાખતા. તેઓ દરેકનો મત લઇ કામ કરતા. જ્યાં મતભેદ હોય ત્યાં શાંતિ અને ધીરજથી સામાને સમજાવી કામ કરતા—કામ કરાવતા તેઓ એક લાકડીએ સમાજને હાંકતા, પણ સમાજની કોઇ પણ વ્યક્તિનું મન ન દુભવતા. કોઇ વિરોધી હોય તો તેને પોતાના પડખામાં લઇ કુનેહથી કામ કરી લેતા. **પ્રથમ સંઘનું કામ પછી વ્યાપાર કે ઘરનું કામ થાય.** આજનો પલટાતો યુગ આવાજ નેતાની આકાંક્ષા રાખે છે. જેને સમાજ સેવાની ધગશ ન હોય, જે મોટાઇમાં મરી જતા હોય અને આત્મભોગ જેવી વસ્તુમાં માનતા જ ન હોય તેવા નેતાઓથી પણ શું ફળ સમાજને મળવાનું છે? આજે દરેક સ્થળે શેઠ, સંઘપતિ કે નેતાની સામે પ્રજામત વિરૂદ્ધ દેખાય છે તેનું મુખ્ય કારણ ઉપર્યુક્ત છે. આજનો યુગ તેમની સત્તા સામે બંડ જગાવવા માગે છે. આજનો યુગ એ નિરંકુશ સત્તાને જડમૂળથી ઉખેડી નાખવા માગે છે, તેવા નેતાઓ, શેઠો, સંઘપતિઓ અને પટેલો સવેળા જાગ્રત થાવ તમારી સંસ્થાને મજબુત કરવા કમ્મર કસો, નવયુગને વધાવી આગળ આવો, નહિં તો તમારી સત્તાનો મૃત્યુ ઘંટ નજીક છે.

× × ×

આ ઉપરથી હું કોઇના ઉપર ટીકા કરવા માગું છું એમ નથી. મારો ઉદ્દેશ મારો આશય નિરાળો છે. હવે વાતો કરી મોટાઇ મેળવવાનાં જમાના ચાલ્યા ગયા છે, તેમ સત્તાથી પદ જાળવવાનો સમય પણ હવે નથી રહ્યો અને કુલ પરંપરા—બાપદાદાના યશ અને કીર્તિ ઉપર મ્હાલવાના—મોટાઇ ભોગવવાનો યુગ નથી રહ્યો. અત્યારની ઉછળતી પ્રજા આપણી હાએ હા કે મીયાંકી ચાંદે ચાંદ નહિં કરે. તેને સત્ય લાગશે તે એ ધડક કહેશે, ભૂલો બતાવશે, પણ તમે જો તેને ઠોકરે મારશો, તેનું અપમાન કરી વ્યર્થ આડંબરમાં રહેશો તો એ તમારી સામે બંડ ઉઠાવશે એ ન ભૂલશો. મારો ઉદ્દેશ—આશય સાફ છે "આજે એ સંસ્થાઓ ઉપર પ્રહારો થઇ રહ્યા છે, તો આ આત્મ ભોગનાં બખ્તર સજી સેવા ધર્મનાં રણશીંગા ફૂંકો, ધર્મ શ્રદ્ધા—ધાર્મિક જ્ઞાનની મશાલને પ્રગટાવો, વ્યવહાર કુશલતા, દીર્ઘદર્શી પણાનાં હથિયાર સજી સમાજની ઉન્નતિ માટે બહાર આવો, સાચા નેતા બનો" બસ આજ ઉદ્દેશ છે. બેશક, ટીકાખોરો ટીકા કરશે પણ સત્યને આંચ નથી. કામ કરશે એને બધા કહેશે પણ ખરા, પરંતુ પીઠ મજબુત કરી શાસન સેવા કરવા આગળ આવો. યાદ છે ને ? **ખીલા મોભનેજ વધારે વાગે છે, વળીઓને નહિ.**

× × ×

આજે શત્રુંજયનો પ્રશ્ન સળગી રહ્યો છે. આખી સમાજ રાહ જોઇ રહી છે, ક્યારે યાત્રા ખુલશે. લગભગ બે વર્ષ થવા આવ્યા. કેટલું કામ આગળ વધ્યું છે તેની સમાજને ખબર નથી, આવી જ રીતે એક બાજુ દિગંબરભાઇઓ શું કામ કરી રહ્યા છે તેનાથી કાંઇ આપણે અજાણ્યા નથી. બેશક, હું એકતામાં માનું છું, પરન્તુ સ્વમાન ગુમાવીને નહિં. જે એકતા સ્વમાનનાચુરેચુરા કરી નાખતી હોય એ એકતા અમારે નથી જોઇતી. એ સમાધાન અમારે નથી જોઇતું. પરન્તુ મને વિચાર થાય છે કે આ આગળ વધતાં—યંત્રની ઝડપેઆગળ વધતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યુગમાં વીરના બે પુત્રો ક્યાં સુધી લઢશે ? હાં લઢી લ્યો, બળ ખર્ચી નાંખો, પછી થાકો-હારો એટલે બેસજો. પરન્તુ કંઇક ખ્યાલ આવે છે કે, ક્યાં ઉભા છો ? મુઠ્ઠી ભર સંખ્યામાં છો એ તો યાદ છે ને.? પ્રભુ શ્રીવીરનું શાસન ચાલણીની માફક ચળાઇ રહ્યું છે. લગાર વિચાર કરો ઓ દિગંબર ભાઇઓ, મતાગ્રહના અંધકારમાંથી બહાર આવો. કેવો ઉજ્વળ પ્રકાશ દેખાય છે? આજે શ્વેતાંબરોને શક્તિ હીન માની ભલે તમે રાચો, પણ સમાજને અધઃપાતના ગર્તમાં ફેંકવાનું પાપ વ્હોરવું પડે છે એ ન ભૂલશો. તેમજ અંદરો અંદર ઝઘડા કરી શકિતનો હ્રાસ કરી રહ્યા છીએ. આવા કટોકટીના મામલામાં એક શાસન સેવક-સંઘ સેવક નેતાની પરમ આવશ્યકતા છે. સમાજને દોરે, સાચો માર્ગ શાંતિથી વિચારી સમાજના ઉદ્ધારના પ્રશ્નો ચર્ચી સમાજના વ્હાણને-ભરદરીએ હીલોળા ખાતા વ્હાણને કાંઠે લાવે, એવા નેતાની ઘણીજ આવશ્યકતા છે. નેતા કાંઇ બહારથી આવવાનો નથી; અને બહારનો આવેલો કાંઇ આપણું દાળદર ફેડવાનો પણ નથી, સમાજમાંથી જ પાકશે. સમાજના સળગતા પ્રશ્નોનો અભ્યાસ કરી તેને ઘોળીને પી જનાર અને કડવા ઘુંટડા ગળી જનાર વિનય શીલ, માયાળુ, ઉત્સાહી અને ધર્મપ્રેમી નેતા જોઇએ છીએ, તેની શાંતિ અને તેની ધીરજ, તેની પ્રૌઢ ગંભીરતા અને વિચારકતા બધાને આંજશે. તે સાચા રસ્તાઓ વિચારશે અને બતાવશે. એ કડવા ઘુંટડા પીશે અને પાશે. એ સત્યનો પરમ ઉપાસક ક્ષમા-શાંતિનો સાગર, અને નિષ્પક્ષપાતી હોવો જોઇએ. શાસનદેવ કોઇ ગુણી સુજ્ઞ, નીડર, સહૃદયી, ધર્મપ્રેમી નેતા સમાજને શોધી આપે. ચીંથરે વીંટયું રત્ન બહાર કાઢે એમ ઇચ્છીએ છીએ.

× × ×

આપણી કોન્ફરન્સમૈયા ક્યાં છે? આજે તેનું સ્થાન ક્યાં છે? કહે છે કે તેને બીમારી લાગુ પડી છે-કોઇ નિસ્પૃહ સેવાભાવી સમાજ સેવક-સીવીલસર્જન ડોકટર તેની નાડ તપાસે, તેના રોગનું નિદાન કરે અને તેને બચાવે, તેનો અખંડ જીવન દીપક પ્રગટાવે, શું સમાજની આજની પરિસ્થિતિ તપાસવા યોગ્ય નથી? કેટલીએ કુરૂઢીઓના બોજાથી તે લદાયેલી છે. અત્યારે ગુજરાતની વાત છોડી દ્યો તો જણાશે મારવાડ, કચ્છ મહારાષ્ટ્ર, અને બંગાળ ત્યાં જૈનોની શું સ્થિતિ છે તેની કોણ દરકાર કરે છે? શું કોન્ફરન્સની ફરજ નથી કે તે હાલનું સમાજનું અંતર તપાસી ઘટતી સંખ્યાનું કારણ બહાર મૂકે? ઘટતી સંખ્યા અટકાવે. એકવાર એવો સમય હતો કે કોન્ફરન્સથી જરૂર જલ્દી આપણો ઉદ્ધાર થઇ જશે. ઘણા એમ માનતા પણ ખરા કે કોન્ફરન્સ સમાજની બધી ખબર રાખશે. પરન્તુ આજ તો કાન્ફરન્સની ખબર લનાર પણ ભાગ્યે જ કોઇક હશે. નૂતન બાહોશ સેક્રેટરીઓ પોતાની શકિતનો લાભ કોન્ફરન્સને આપે તો સારૂં. આજે દરેક સમાજ પોતાની કોન્ફરન્સ ભરી પોતાનો અવાજ બહાર કાઢી રહી છે. કાન્ફરન્સના જૂના પોષકો, ઉત્પાદકો આજે ક્યાં છે? શું તેમને પોતાના પૈસા કમાવાના ધંધામાંથી-વ્યવહારીક કાર્યોમાંથી ફુરસદ નથી મળતી? કોન્ફરન્સના મંડપમાં વ્યાખ્યાન પીઠ ઉપરથી મંડપ ગજાવનારાઓ સમાજને માટે પ્રાણ આપવાની વાતો કરનારાઓ આજે ક્યાં છે? કોઇક તો સમાજ પ્રેમી બહાર આવો અને કોન્ફરન્સ મૈયાને ફરીથી જીવન આપો અને સમાજમાં જાગ્રતિ આણો. સમાજના પ્રશ્નો ઉપર ઠંડુ પાણી રેડી શાંત રહેવામાં ફાયદો નથી. કંઇક કરી બતાવો. અત્યારનો સમયજ કામ કરી બતાવવાનો છે. शुभे यथाशक्ति यतनीयम्

તુલનાત્મક દૃષ્ટિએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જીવના ત્રણ કુટુંબો.

જૈનાગમના આંતર રહસ્યને જાણનારા જ્ઞાની મહાત્માઓએ જે વિલોકયું છે, તે બીજાઓથી વિલોકી શકાય તેવું નથી. તે મહાત્માઓ માત્ર વિલોકીને વિરામ પામ્યા નથી, પણ તેમણે આગમદ્વારા ઉદ્દઘોષણા કરી કહ્યું છે કે, આ અનંત સંસારમાં વર્ત્તનારા જીવોએ પોતાના આત્મિક સ્વરૂપનો વિચાર કરવાનો છે. તેમણે મોહ નિદ્રામાંથી જાગ્રત થઇ સ્વવસ્તુ અને પરવસ્તુનો બોધ લેવો જોઇએ. કેટલાએક જીવો પોતાનામાં પામરતાનો દોષ આરોપિત કરી પ્રમાદના પાશમાં સપડાય છે, તેઓ ખરેખર પોતાના આત્માને વંચિત કરે છે. ખરી રીતે જોતાં કોઇ પણ નિર્બળ છે જ નહીં. સર્વને આત્મા છે અને તે આત્મા અનંત અને સર્વશક્તિમાન છે. જીવે જાગ્રત થઇ અને નિશ્ચયાત્મક બની આત્મબલ મેળવવાને તત્પર બનવું જોઇએ. અજ્ઞાનથી આવૃત થયેલો જીવ અત્યંત અકર્ત્તવ્યતા, અત્યંત નિર્બલતા અને અતિશય મોહનિદ્રાના પ્રભાવથી જ પોતાની જાતિને સત્વહીન બનાવે છે, તેથી જીવે મોહનિદ્રા અને અજ્ઞાનતાનો ત્યાગ કરી અપ્રમત્ત બનવું જોઇએ. એ મોહનિંદ્રાને ત્યાગવાનો અને આત્મબળ તરફ ઉત્તેજીત થવાનો માર્ગ તેના પોતાના પવિત્ર ગ્રંથોમાં જ બતાવેલો છે તેથી દરેક જીવે પોતાનો સત્ય સ્વભાવ ઓળખી અને બીજાઓને પણ એ સત્ય સ્વભાવની ઓળખાણ કરાવી પોતાના નિદ્રિત આત્માને જાગ્રત કરી આત્માનો ઉદય કેવી રીતે થાય? એ બતાવી આપવું જોઇએ. જ્યારે એ નિદ્રાગત આત્મા પોતાની સ્વસંવેદ્ય કર્ત્તવ્યપરાયણતાને જાણતો થશે, અને જાગ્રત થશે, તે વેળાએ પ્રભાવ, સત્તા, શ્રેષ્ટતા અને પવિત્રતા વગેરે સર્વ ઉત્કૃષ્ટ ભાવો પોતાની મેળે જ આવીને તેની સમક્ષ ઉપસ્થિત થશે.

ભવી પ્રાણીની ઐહિક અને પારલૌકિક ઉન્નતિ અને પરિપૂર્ણતા માટે એ સર્વ સમાનતાની તેમજ સર્વ કલ્યાણેચ્છાની ભાવનાનો સર્વત્ર ઉપદેશ આપવો જોઇએ.

એ પ્રમાણે શાસ્ત્રકારોએ નવી નવી યોજનાઓ, સુબોધક ઉપનયોની ઘટનાઓ અને ઉત્તમ દૃષ્ટાંતો આપી જીવને અધ્યાત્મમાર્ગનું દર્શન કરાવવા અનેક પ્રયત્નો કર્યા છે, પણ તે પ્રયત્નોની સફલતા જીવના ભવ્યત્વવાળા પ્રતિબોધને આધારે રહેલી છે. શાસ્ત્રકાર મહારાજે ઉપદેશ આપતા જીવના ત્રણ કુટુંબોની કલ્પના કહેલી છે, જે કલ્પના ઉપર ભવી આત્માને તેના શુદ્ધ અને અંતિમ કર્ત્તવ્યનું યથાર્થ ભાન થઇ આવ્યા વિના રહેતું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સંસારમાં આવેલા જીવને તેના જીવનના આરંભથી ત્રણ કુંટુંબો સાથે યોગ થઇ આવે છે. તે ત્રણ કુટુંબોમાં એક બાહ્ય કુટુંબ છે અને બે અંતરંગ કુટુંબો છે. :માતા, પિતા, સ્ત્રી પુત્ર, પુત્રી વગેરે જે પરિવાર છે તે જીવને પહેલું બાહ્ય કુટુંબ છે. આ કુટુંબની અંદર જીવનું બંધન સ્વાર્થને ઉદ્દેશીને રહેલું છે. દરેક કુંટુંબીઓ સ્વાર્થને ઉદ્દેશી પોત પોતાનો સંબંધ દર્શાવે છે. એ કુટુંબ સ્વાર્થી છતાં મોહદશાને લઈને જીવના હૃદયમાં જુદી જુદી ભાવનાઓ ઉત્પન્ન કરાવે છે, તેથી જીવ સ્વદશાનો ત્યાગ કરી પરદશામાં વર્ત્તે છે. જે જીવ પોતાના હૃદયમાં શાસ્ત્રના ઉપદેશને અવકાશ આપે તો તે કુટુંબમાં સુખે રહી શકે છે, અન્યથા તો તેને સંયોગ વિયોગમાં સુખ દુઃખનો ભારે અનુભવ કરવો પડે છે, તેથી ભવી જીવે એ બાહ્ય કુટુંબમાં કેવી રીતે વર્ત્તવું જોઇએ? એ ઉપદેશ સારી રીતે સંપાદન કરવો. એ કુટુંબમાં સદા સુખે રહેવાનો ઉપાય માત્ર કર્ત્તવ્યનિષ્ઠા, સંતોષ અને આતિથ્ય ભાવ—એ ત્રણ તત્ત્વો ઉપર રહેલો છે. માતા પિતા વગેરે જે પોતાના સંબંધીઓ છે, તેમની તરફ પોતાનું શું શું કર્ત્તવ્ય છે? એ વિષય લક્ષમાં રાખવાથી જીવની સુખમય દશાનો અનુભવ કર્ત્તવ્ય નિષ્ઠાના પહેલા તત્ત્વ ઉપર રહેલો છે. બીજું તત્ત્વ સંતોષ છે. પોતે ગૃહવાસમાં જે સ્થિતિમાં મુકાયો છે તે સ્થિતિમાં સંતોષ માની રહેવું, અને પોતાની શક્તિ પ્રમાણે ઉચ્ચ સ્થિતિ મેળવવા પ્રયત્ન કરવો, એમાં પણ જીવ સુખાનુભવ કરી શકે છે. ત્રીજું તત્ત્વ આતિથ્ય ભાવનું છે. જીવ પોતે પોતાના કુટુંબમાં એક અતિથિ (મિજમાન) તરીકે આવ્યો છે. તેમજ બીજા પણ જે કુટુંબીઓ પ્રાપ્ત થયેલા છે, તેઓ પણ અતિથિ તરીકે આવ્યા છે. તેમના સંયોગ અને વિયોગમાં સુખ દુઃખ ધારણ કરવા નહી, એ આતિથ્યભાવ કહેવાય છે. એ તત્ત્વથી જીવ સંસારી છતાં વિરક્ત રૂપે રહી શકે છે. આથી એ તત્ત્વ સર્વથી વિશેષ આદરણીય છે.

પ્રથમના બાહ્ય કુટુંબની અંદર રહેલા એ ત્રણ તત્ત્વો સારી રીતે આરાધવાથી સંસારી જીવ પોતાના સંસારી જીવનની સફલતા કરવાને સમર્થ થઇ શકે છે. પછી એવા સમર્થ જીવને એ બાહ્ય કુટુંબ કોઈ રીતે બાધા કરી શકતું નથી.

જીવને બીજાં બે અંતરંગ કુટુંબો છે. તે શુભ અને અશુભ—એવા બે પ્રકારથી યુક્ત છે. ક્ષમા, સરલતા, નિર્લોભતા, જ્ઞાન, દર્શન, ચારિત્ર, સત્ય, શૌચ, તપ અને સંતોષ—એ જીવનું બીજું શુભ કુટુંબ છે. આ શુભ કુટુંબનો યોગ જીવને તેના આંતર સ્વરૂપની સાથે થાય છે. તેથી તે અંતરંગ કુટુંબ કહેવાય છે. તે દરેક કુંટુંબી જીવને ઉચ્ચ દશા સાધવામાં સહાયભૂત થાય છે. અને જીવને સ્વાભાવિક રીતે પ્રાપ્ત થતા એવા કેટલા એક દોષોથી બચાવી શકે છે. શાસ્ત્રમાં એક સ્થળે કહ્યું છે કે—ક્ષમા અને સત્ય માતા પિતાને સ્થાને છે, સરલતા સ્ત્રીને સ્થાને છે, જ્ઞાન, દર્શન અનેચારિત્ર બંધુરૂપ છે, નિર્લોભતા બ્હેન છે અને શૌચ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તપ અને સંતોષ એ પુત્રોને સ્થાને છે. આવા અંતરંગ શુભ કુટુંબમાં વસનારો જીવ પોતાના સાંસારિક જીવનને ઉચ્ચ કોટીમાં મુકી શકે છે. તેવા કુટુંબના સહવાસથી જીવ પરિપૂર્ણ રીતે ઉચ્ચ દશાનો અધિકારી થઇ શકે છે. જો તેની પ્રબલ ઇચ્છા હોય તો એ સંસારી જીવનમાંજ તે પરિપૂર્ણતાને પામી શકે છે. તેની દૃષ્ટિ શુદ્ધ અને નિર્મળ બને છે. તે અસત્ય વસ્તુને જોઇ શકતી જ નથી. તેનું મન અસત્ય વિચાર કરવાની શક્તિને ધારણ કરતું જ નથી. સર્વત્ર તેને તો સત્ય અને સારૂં–ઉત્તમ જ જોવામાં આવે છે. તેમ વળી એ અંતરંગ શુભ કુટુંબમાં રહી સદાચાર માર્ગે ચાલનારા જીવને પોતાના હૃદયમાં જણાઇ આવે છે કે, “ આ જગતમાં સાંસારિક ભાવમાં મોહિત થયેલા મનુષ્યો ઘણી જ મોટી ભૂલ કરે છે, તેઓ આત્મિક ભાવને ઓળખતા નથી. વિષયોમાં સુખનું અસ્તિત્વ માને છે અને તેને માટે મહાન્ પ્રયત્નો કર્યા કરે છે, એજ આ જગત્માંના સર્વ દુઃખોનું મૂળ છે. ભવી મનુષ્ય માત્ર સત્વર જ જાણી શકે છે કે, આપણે જે દિશામાં વિચરીએ છીએ, ત્યાં સુખ નથી કિંતુ સુખ તો જ્ઞાનમાં જ રહેલું છે, તે છતાં તેઓ પ્રમાદરૂપ મહા શત્રુને વશ થઇ ઉન્માર્ગે ચડી જાય છે. સંસારી મનુષ્યે પણ જાણવું જોઇએ કે, સુખ અને દુઃખ એ ઉભય આપણાં માર્ગદર્શકો છે. જેવી રીતે સારી વસ્તુમાંથી સત્ય જ્ઞાનની પ્રાપ્તિ થાય છે, તેવી રીતે ખરાબ વસ્તુમાંથી પણ જ્ઞાનની પ્રાપ્તિ થઇ શકે છે. એક ગ્રંથકાર લખે છે કે “ મનુષ્યના આત્મામાંથી જ્યારે સુખો અને દુઃખો પ્રસાર થવા માંડે છે, ત્યારે તેઓ તેનામાં અનુભવ રૂપી ભિન્ન ભિન્ન છાપો મુકતા જાય છે અને તે છાપો–ચિન્હોનું જે મિશ્રણ થાય છે, તેને જ પાછળથી સ્વભાવ અથવા શીલના નામથી ઓળખવામાં આવે છે. ” તે ગ્રંથકારની આ અનુભવવાણી સર્વ રીતે યથાર્થ લાગે છે; કારણ કે, જો આપણે કોઇ પણ મનુષ્યનો સ્વભાવ તપાસીએ એટલે આપણને તેમાં પ્રવૃત્તિનું ખરેખરૂં એકીકરણ અને મનોવિકારનો સરવાળો સ્પષ્ટ દેખાઇ આવશે. સુખ દુઃખના મિશ્રણથી જ સ્વભાવની રચના થયેલી હોય છે. અર્થાત્ તેને સુષ્ઠુતાથી જેવી સહાયતા મળે છે, તેવી સહાયતા દુષ્ટતાથી પણ મળે છે. જૈન આગમમાં કેટલાંક એવાં પણ ઉદાહરણો છે કે, તેમાં મનુષ્યોને સુખો કરતાં દુઃખોથી જ વધારે ઉપદેશ મળેલો પ્રગટ જોવામાં આવે છે. આ જગત્ના મહાન્ મહાન્ પુરૂષોને વિષે વિચાર કરીએ છીએ, ત્યારે એમજ દેખાય છે કે, તેમનામાં કેટલાક મહાપુરૂષો સુખો કરતાં દુઃખોથીજ વધારે પ્રમાણમાં વિરક્ત અને જ્ઞાની થયા હતા. સંપત્તિ કરતાં વિપત્તિથી જ તેઓ સન્માર્ગને શોધી શકયા હતા અને કેવળ સ્તુતિથી નહીં, કિંતુ નિંદાવડે જ તેમનો પ્રભાવ વિશેષ વિસ્તારને પામ્યો હતો.

આ ઉપરથી એટલું સમજવાનું કે, જીવને તેનું અંતરંગ શુભ કુટુંબ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુણોના સમૂહ સાથે જોડે છે. જ્યારે તે એ પવિત્ર કુટુંબના સહવાસને આનંદ મેળવે છે, ત્યારે તે સ્તુતિ કે નિંદા, સુખ કે દુઃખ અને સંપત્તિ કે વિપત્તિ કાંઇપણ ગણકારતો નથી. તેને નિંદા સ્તુતિ રૂપે, દુઃખ સુખ રૂપે અને વિપત્તિ સંપત્તિ રૂપે પરિણમે છે. તેથી ઉત્તમ જીવોએ પોતાના એ અંતરંગ કુટુંબ ઉપર અતિ વાત્સલ્ય રાખવું. બાહ્ય કુટુંબ જે માતાપિતાદિ તે સ્વાર્થીય સંબંધવાળું હોવાથી તે તરફ ઉપેક્ષા રાખી માત્ર તે મનુષ્ય જન્મનું કર્ત્તવ્ય બજાવવા તરફ લક્ષ રાખી વર્ત્તવું.

જીવનું ત્રીજું અંતરંગ કુટુંબ અશુભ છે. ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, અજ્ઞાનતા, શોક અને ભય પ્રમુખથી મળેલું છે. એ કુટુંબનો સંબંધ પણ અંતરનો હોવાથી તે અંતરંગ કુટુંબ કહેવાય છે, પણ તે અંતરની નઠારી પરિણુતિઓથી બનેલું છે. એ અશુભ કુટુંબના સેવનથી જીવ અધમદશાનો અધિકારી બનતો જાય છે. તેઓમાં ક્રોધ અને માયા તેના માતાપિતાને સ્થાને છે. અજ્ઞાનતા સ્ત્રી છે. રાગ દ્વેષ તેના પુત્રોને સ્થાને છે. માન, લોભ, શોક અને ભય વગેરે તેના બંધુઓ છે. કેટલાએક વિદ્વાનો તેના સંબધને માટે જુદી જુદી કલ્પના પણ કરે છે.

આ અશુભ કુટુંબના સહવાસમાં રહેલો જીવ અધમ વૃત્તિથી આવૃત્ત બની જાય છે. તે પ્રમાદી બની કોઇ સંકુચિત અને લઘુવૃત્તિને સેવનારો થઇ જાય છે. સર્વથા આલસ્યનો ગ્રાસ થઇ પડે છે. તેનામાં વિપરિત ભાવનાને જાગ્રત કરનારી ભિન્ન ભિન્ન લઘુવૃત્તિઓ પ્રગટ થાય છે અને સર્વ પ્રકારની વિકાર ભરેલી વૃત્તિઓ પ્રબલ થયેલી દેખાય છે. નિરૂત્સાહ, મંદતા, તંદ્રા ઇત્યાદિ તામસ સ્વભાવો આવિર્ભાવને પામે છે, મૃદુતા, મિષ્ટ સ્વભાવ, શાંતિ, નમ્રતા અને કાર્ય–અકાર્યને સમતોલ રાખનારા ગુણો લોપ પામી જાય છે.

પ્રત્યેક જીવે આ અશુભ કુટુંબથી દૂર રહેવું જોઇએ. એ કુટુંબના સહવાસમાં રહેવાથી કટુ ફ્લો મેલવાય છે. મનને શાંતિ રાખવા માટે જે ઉચ્ચ સ્થિતિની આવશ્યકતા છે, અને મનમાં શુભ પરિણામો મેળવવાની જે જરૂરીયાત છે, તે આ અશુભ કુટુંબના સહચારી જીવને કદિપણ મળવાના નથી. એવા કુટુંબી જીવનું મનુષ્યજીવન તદ્દન નકામું થઇ જાય છે. તે મનુષ્ય જીવનની ઉચ્ચતાને દર્શાવનારા તત્ત્વો જોઇ શકતો નથી. તે સર્વથા રાગદ્વેષથી અંધ બની આ અનંત સંસારની મલિન સપાટી ઉપર ભટકયા કરે છે. તેથી ભવી જીવે ધર્મની છાયા નીચે રહી એ અશુભ અંતરંગ કુટુંબનો સર્વથા ત્યાગ કરવો જોઇએ.

આ જીવના ત્રણ કુટુંબોનું વિવેચન કરતાં શાસ્ત્રાકારે કહેલું છે કે, જીવને બીજું અંતરંગ શુભ કુટુંબ મોક્ષ માર્ગનું દર્શક થાય છે. ત્રીજું અંતરંગ અશુભ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુટુંબ કે જે જીવને અનાદિ અનંત કાલ રખડાવનારૂં છે તે જ્ઞાનના બલવડે વિલોકન કરતાં સન્માર્ગનું દર્શક થઇ શકે છે. જે પહેલું બાહ્ય કુટુંબ છે, તે સંસારી જીવને ભવો ભવ નવું નવું હોય છે જ્યારે ભવી પ્રાણી ગુરૂદ્વારા આ સંસારનું સ્વરૂપ સમજે છે, ત્યારે તે કુટુંબમાંથી મુક્ત થવાનો માર્ગ મેળવી શકે છે.

કેટલાએક એવા અઘોરકર્મી હોય છે કે જેઓ પહેલાં બાહ્ય કુટુંબને પોષવા માટે ત્રીજા અંતરંગ અશુભ કુટુંબની સહાય લે છે અને તેથી બીજા અંતરંગ શુભ કુટુંબનો અનાદર કરે છે. એવા પ્રાણીઓ યાવજ્જીવિત દુઃખી થઇ આ અનંત સંસારની વૃદ્ધિ કરનારા થાય છે.

જે આસન્ન સિદ્ધ જીવ છે, તે ધર્મવીર થઇ ત્રીજા અશુભ અંતરંગ કુટુંબનો અને પહેલાં બાહ્ય કુટુંબનો ત્યાગ કરી બીજા અંતરંગ શુભ કુટુંબને આદરી મહાન આનંદનો અનુભવ કરે છે. એવા પવિત્ર આત્માને સહસ્રવાર ધન્યવાદ ઘટે છે,

# ગ્રંથાવલોકન અને સાભાર સ્વીકાર.

**નવકાર મંત્ર યા પંચપરમેષ્ઠી અને આવશ્યક કે પ્રતિક્રમણનું રહસ્ય**—લેખક પંડિતજી શ્રીયુત સુખલાલજીભાઈ. પ્રકાશક **શ્રી જૈન યુવક સેવા સમાજ તરફથી ચંદુલાલ ગોકળદાસ શાહ**—કિંમત છ આના " સુઘોષા " પત્રની પ્રથમ ભેટ તરીક આપવામાં આવે છે. આ ગ્રંથમાં બે લઘુનિબંધો છે. જેમાં પ્રથમ નવકાર મંત્ર યા પંચ-પરમેષ્ટીનો વિષયની વ્યાખ્યા બતાવી સમાન્ય જીવ અને પરમેષ્ઠી વચેની તરતમતા અને વ્યવહાર નિશ્ચયની દૃષ્ટિએ જે સ્વરૂપ બતાવ્યું છે. તે અન્ય દર્શનના પ્રણેતાઓ લખેલ જીવોના સ્વરૂપ સાથે સરખાવેલ છે, ત્યારબાદ નમસ્કાર એટલે શું તેના પ્રકાર તે કરવાનો હેતુ અને પંચપરમેષ્ઠી ભગવાનનું સ્વરૂપ સુંદર શૈલીથી સ્ફૂટ રીતે જણાવેલું છે. બીજા નિબંધમાં પ્રતિક્રમણની ક્રિયાના વિષય સંબંધે છે. લેખક મહાશય આ વિષય માટે લેવાયેલ પ્રયાસ સફળ છે કે કેમ ? તે વાંચક વર્ગને શાંતિ અને મનન પૂર્વક વાંચી તુલના કરવા સોંપે છે. આ વિષય પણ તુલનાત્મક દૃષ્ટિએ વાંચતાં તેમાંથી ઘણું જાણવાનું મળે છે. અને બંને નિબંધો વાંચતા તેના લેખકની વિદ્વત્તા ઝળકી ઉઠે છે. બંને નિબંધો વાંચવાની જિજ્ઞાસુઓને અમો સુચના કરીયે છીએ. વિશેષમાં આ પત્રના તંત્રી **શ્રીયુત ઝવેરી મૂળચંદભાઇ આશારામનું** આ માસિકના અંગેનું આ બુકમાં આપેલ વકતવ્ય, પેપરકારની સરલતા પૂર્વકની રીતભાત અને કર્તવ્યનું ભાન જણાવનાર હોઇ તે વાંચવા જેવું છે. પેપરની ભેટ આવા તત્વજ્ઞાનના વિષયોની બુક આપવાના પ્રણાલીકા ઇચ્છવાજોગ છે એમ અમારૂં મંતવ્ય છે.

**લગ્ન રહસ્ય**—લેખક પંડિત માવજી દામજી શાહ, મુંબઇ-ઘાટકોપર. કિંમત ચાર આના. આ લઘુ બુકમાં લગ્નની વ્યાખ્યા તેની, જવાબદારી અને તે જીવન શીરીતે નિભાવવું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે માટેના કેટલાક મુદ્દાઓ સંક્ષિપ્તમાં જણાવવામાં આવ્યા છે. આ એક સામાજીક વિષય હોવા સાથે ઉપયોગી એટલા માટે છે કે, લગ્ન સંબંધી અજ્ઞાનતા થોડા પણ અંશે સમજપૂર્વક વાચકને દૂર થયેલી જણાશે. આ બુકનો વિશેષ પ્રચાર થાવ તેમ ઇચ્છીયે છીયે.

---

**શ્રી મુંબઇ જૈન સ્વયંસેવક મંડળનો રીપોર્ટ** સં. ૧૯૮૧ ના ભાદરવા શુદ ૧ થી સં. ૧૯૮૩ શ્રાવણ વદી ૩૦ સુધીનો. આ મંડલની જૈન સમાજ પ્રત્યેની સેવા જાણીતી છે. હાલમાં તે મંડલે વ્યાયામશાળાનો જન્મ આપી સમાજની આવશ્યક જરૂરીયાત પુરી પાડી છે. મંડળના સભ્યો સેવાભાવી, સેવામાટે ઉત્સાહી, પ્રેમી અને ખંતીલા હોવા સાથે તેને સોંપવામાં આવેલ કાર્ય યોગ્ય રીતે પાર પાડી શકે તેમ છે, તેથીજ આ મંડળમાં અનેક પ્રસિદ્ધ જૈન ગૃહસ્થો તેના સભાસદો પ્રેમભાવે થાય છે. રીપોર્ટ વાંચતા તેમનાં કાર્યો સુવ્યવસ્થિત અને હિસાબ ચોખવટવાળો છે. અમો તેની ભવિષ્યમાં ઉન્નતિ ઇચ્છીએ છીએ.

**રેલ સંકટ નિવારણ શ્રીપાલેજ સેવા મંડલનો હિસાબ તથા રીપોર્ટ**—છેલ્લા રેલના સંકટ સમયે આ મંડલે નિરાધારોની જે સેવા કરી છે તે ધન્યવાદને પાત્ર છે. તેનો હિસાબ આ રીપોર્ટમાં આપેલ વાંચતાં યોગ્ય જણાય છે.

**શેઠ રૂપભદાસ કેસરીમલ જૈન શ્વેતાંબર પેઢી–રતલામનો** છઠો રીપોર્ટ સં. ૧૯૮૩ ના કારતક શુદ ૧ થી સં. ૧૯૮૪ ના કારતક વદી ૩૦ સુધી.

**જૈનાચાર્યજી શ્રીમાન સાગરાનંદસૂરિજી મહારાજ તથા પં. શ્રી મોતીવિજયજીના** સુપ્રયત્નથી આ પેઢીનો માળવામાં જન્મ થયો છે. ૭ વર્ષમાં તેમણે સારૂં કાર્ય કરેલ છે. જીવદયા, જીર્ણોદ્ધાર, પાઠશાળા, કન્યાશાળા, આયંબીલ ખાતું વગેરે ખાતા આ પેઢી હસ્તક સુવ્યવસ્થિત ચાલે છે તેમજ હિસાબ તથા વહીવટ પણ યોગ્ય છે. તેમ તેનો રીપોર્ટ વાંચતાં માલમ પડે છે. દરેક જીલ્લામાં આવી પેઢીઓથી ધાર્મિક ખાતા ચલાવવામાં આવે તો સંગ્રહીત રીતે સમાજ લાભ સારી રીતે લઇ શકે. અમો તેની આબાદી ઇચ્છીએ છીએ.

## નીચે જણાવેલા ગ્રંથો તથા રીપોર્ટો ભેટ મળ્યા છે. તે સાભાર સ્વીકારીએ છીએ.

૧ સંમતિ તર્ક પ્રકરણ તૃતીય વિભાગ, પ્રકાશક ગુજરાત પુરાતત્વ મંદિર–**અમદાવાદ.**

૨ જૈન ધર્મનો પ્રભાવ હિંદિ, પ્રકાશક આત્માનંદ જૈન ટ્રેકટ સોસાઇટી અંબાલા નં. ૯૪ વિવિધ સાહિત્ય પ્રકાશનું કાર્ય આ સંસ્થા ઉત્તમ રીતે કરે છે.

૩ શ્રી શિવાજી પુસ્તકાલય વ્યાસ ( નવસારી પ્રાંત ) નો સં. ૧૯૮૧ થી ૮૩ સુધીનો રીપોર્ટ.

૪ શ્રી ભાવનગર દેશીય શિક્ષણશાળાનો નવ વર્ષનો રીપોર્ટ તા. ૧–૧૧–૧૮ થી તા ૩૧–૧૦–૧૯૨૭ સુધીનો રીપોર્ટ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારૂં જ્ઞાનોદ્ધાર ખાતું.

## નીચેના ગ્રંથો છપાય છે.

૧ શ્રી પ્રભાવક ચરિત્ર ( ભાષાંતર )
૨ શ્રી વિમલનાથ ચરિત્ર ,,
૩ ऐन्द्र स्तुति ( संस्कृत )
૪ શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર ( ભાષાંતર )
૫ શ્રી મહાવીર ચરિત્ર ,,
६ श्री वसुदेव हींडि प्राकृत
७ विलासवईकहा अपभ्रंश छाया साथे.

ઉપરના ગ્રંથો ઘણાજ પ્રાચીન પૂર્વાચાર્યકૃત હોઇ, કથાઓ ઘણીજ સુંદર રસીક, ભાવવાહી અને અંતર્ગત વિવિધ ઉપદેશક કથાઓ સહિત છે. મહાન પુરૂષોના આવા સુંદર, સત્ય ચરિત્રો વાંચી વિચારી આત્મકલ્યાણ સાધવાની આ સુંદર તક કે જે સભાના લાઇફ મેમ્બર થઇ તેવા ગ્રંથો ભેટ મેળવી લેવા ચૂકવાનું નથી.

---

# શ્રીપાળ મહારાજનો રાસ.

## ( ગુજરાતી અર્થ સાથે. )

શ્રી નવપદજી મહારાજનો મહિમા અપૂર્વ છે, જે કોઇ પણ જૈન અજાણ તે માટે નથી. ચૈત્ર માસ અને આશો માસમાં આવતા ઓળી-આયંબીલ તપ કરી શ્રી નવપદજી મહારાજની આરાધના કરાય છે. તે અઠ્ઠાઇના દિવસોમાં શ્રી નવપદજી મહારાજનું અપૂર્વ માત્મ્ય જેમાં આવેલ છે તેવા શ્રીપાળ મહારાજનું અદભુત ચરિત્ર તેનો રાસ જે વંચાય છે તે મૂળ તથા તેનું સરલ ભાષાંતર સર્વ કોઈ સમજી શકે તેવી ગુજરાતી ભાષામાં આ ગ્રંથમાં આપવામાં આવેલ છે પાના ૪૬૦ પાકું કપડાનું બાઇંડીંગ સુંદર ગુજરાતી ભાષામાં પ્રકટ થયેલ છે, ચૈત્ર શુદ ૧૫ પુર્ણીમા સુધીમાં લેનારને બે રૂપીયા (પોસ્ટેજ જુદું) ની કિંમતે આપવામાં આવશે પછી તેની કિંમત રૂા ૨-૮-૦ પડશે.

લખો—

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

---

**શા. આણંદજી પરશોતમ જૈન ઔષધાલયમાં નીચે મુજબ લાભ લેવાયો છે.**

| | સાધુ સાધવી | શ્રા. શ્રા. | જૈનેતર | બાળક | કુલ |
|---|---|---|---|---|---|
| કાર્તિક | ૫૪ | ૧૬૪૭ | ૧૪૭૭ | ૭૪૨— | ૩૯૨૦ |
| માગસર | ૧૧૩ | ૧૬૮૮ | ૧૫૦૬ | ૯૭૦ | ૪૨૭૭ |
| પોષ | ૧૨૮ | ૧૭૮૩ | ૧૨૫૨ | ૧૦૨૧ | ૪૧૮૪ |
| માહ | ૧૩૬ | ૧૩૮૫ | ૧૩૫૩ | ૯૨૧ | ૩૭૯૫ |

માસ ચારમાં કુલ ૧૬૧૭૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જેવું ઈચ્છો અન્યનું તેવું આપનું થાય

" હિંદુ સંસારના દુઃખદ ચિત્રો ઘણાં છે. તેમાંનું એક દુઃખદ ચિત્ર સગાં વ્હાલાંઓ વચ્ચેના ઝઘડાનું છે. આ ઝઘડા મહત્વના હોતા નથી, સિદ્ધાંતના હોતા નથી, પણ બહુ ક્ષુલ્લક અને નજીવા હોય છે. હૃદયનું વિશાળ પણું હોતું નથી, ક્ષમા આપવાની તૈયારી હોતી નથી. મનુષ્યોનાં શરીરો પ્રભુનાં મંદિરો ગણાય છે. તે મંદિરોમાં પ્રભુની પ્રતિમાને માટે જે ગોખો હોવા જોઇએ તેને બદલે તેજ ગોખોમાં આપણા છોકરવાદી કજીઆઓને સ્થાન આપીયે છીએ અને પ્રભુની પ્રતિમાને ચંદનપુષ્પ ચઢાવવાને બદલે આ ગોખોમાં મૂકેલા આપણા કજીઆઓને સવાર સાંજ વંદન કરીએ છીએ. જેવા દેવ તેવા પૂજારી. જો હૃદયમંદિરમાં પ્રભુની મૂર્તિની સ્થાપના થાય તો જીવનમાં શાંતિના ઝરણાં રેલાય પણ પ્રભુની મૂર્તિને બદલે કજીઆ અને વૈરોની સ્થાપના થાય તો શાંતિનાં ઝરણાં સૂકાઇ જાય અને મૃત્યુના ભયંકર ઘંટો વાગવા માંડે. મૃત્યુ એટલે એકલું શરીરનું મૃત્યુ નહિ, પણ ઉચ્ચ આશાઓનું, મહત્વાકાંક્ષાઓનું, પવિત્રતાનું અને સર્વોચ્ચ આદર્શોનું. શબ્દો અને લાગણીઓ નિર્જીવ નથી, જે શબ્દો મુખમાંથી છૂટે છે અને જે લાગણીઓ હૃદયમાં થાય છે તેની અસર થયા વગર રહેતી નથી. જો તે પવિત્ર શબ્દો અને લાગણીયો હોય તો તેનું પરિણામ સુંદર આવે છે, જો તે વૈરભાવથી ભરેલા શબ્દો અને લાગણીઓ હોય તો તેનું પરિણામ ભયંકર આવે છે. ઘણીવાર જોવામાં આવે છે કે જે કુટુંબમાં કલેશ શરૂ થાય છે તે કુંટુંબમાં એક–બે મૃત્યુ થયા વગર રહેતા નથી. જે વૈરભાવો આપણે રાખ્યા અને જે દ્વેષની લાગણીઓને સંઘરી તેનાથી સામાવાળાને તો નુકશાન થાય કે ન થાય પણ આપણા પોતાના ઉપર તેનો ફટકો આવીને પડે છે અને એક–બે વ્હાલાંઓને ઉપાડી જાય છે. ભરૂચ આગળ નર્મદા નદીને એક ઓવારે સંધ્યાકાળે એક વખત હું ઉભો હતો. તે દિવસે કાંઇ પર્વ હતું અને નાના દીવડાઓ પડીયામાં રાખી લોકો નદીમાં તરવા મૂકી દેતા હતા. આવા દીવડાઓની હારમાળા ચાલી જતી હતી. ગુજરાતના બીજા એક શહેરમાં એક રસ્તા ઉપર છેડે ઉભો હતો અને જોઉં છું તો ખાળકુવાનો હારમાળા લાગી રહી હતી. દરેક મનુષ્યે વિચાર કરવાનો છે કે પોતાને તે નર્મદા નદીમાં તરતો અને જીવનને ઉજવળ કરતો એક દીવડો થવું છે કે વૈર, દ્વેષ, અને કલેશથી ભરેલો એક ખાળકુવો થવું છે.

રા. જયસુખલાલ મહેતા.

For Private And Personal Use Only